# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 102 | AD - 2025, Paush Vad - 1 | Tuesday, Dt.14-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## અંક બંધ રહેશો

મકરસંક્રાંતિ પર્વને અનુલક્ષીને તા.૧૪/૦૧/૨૦૨૫ ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૧૫/૦૧/૨૦૨૫ નો અંક પ્રકાશિત થશે નહિ. તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ






# મહાકુંભનું પહેલું સ્નાન, ૬૦ લાખ લોકોએ ડૂબકી લગાવી પુણ્યનું ભાથુ બાંધ્યું



(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૩

ઉત્તર પ્રદેશના સંગમ શહેરમાં પોષ પૂર્ણિમા સાથે, ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આ વખતે મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ ભક્તો ભાગ લે તેવી અપેક્ષા છે. મહાકુંભના પહેલા દિવસથી જ પ્રયાગરાજમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. હજારો ભક્તો ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી રહ્યા હતા. અત્યાર સુધીમાં ૬૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમ કિનારે સ્નાન કર્યું છે. ૧૪૪ વર્ષ પછી એક દુર્લભ સંયોગમાં, રવિવારે મધ્યરાત્રિએ સંગમ ખાતે પોષ પૂર્ણિમાના દિવસે પ્રથમ ડૂબકી લગાવીને મહાકુંભની શરૂઆત થઈ હતી. ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમ કિનારે ૪૫ દિવસ સુધી સંસ્કૃતિઓ અને પરંપરાઓનું ભવ્ય સંમેલન યોજાશે. આ અમૃતમય મહાકુંભમાં દેશ અને દુનિયાભરના ૪૫ કરોડ ભક્તો, સંતો-ભક્તો, કલ્પવાસી અને મહેમાનો ડૂબકી લગાવશે એવો અંદાજ છે. મહાકુંભની ભવ્યતાએ માત્ર ભારતીય ભક્તોને જ નહીં પરંતુ વિશ્વભરના પ્રવાસીઓને પણ મંત્રમુગ્ધ કરી દીધા છે. પોષ પૂર્ણિમાના દિવસે, તેમના તીવ્ર આધ્યાત્મિક શિસ્ત માટે જાણીતા કલ્પવાસીઓએ 'મોક્ષદાયિની' સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી અને તેમની ૪૫ દિવસની આધ્યાત્મિક એકાંત યાત્રા શરૂ કરી. મહાકુંભ દરમિયાન કલ્પવાસીઓ બ્રહ્મચર્ય, લઘુતમ જીવન અને નિયમિત પ્રાર્થનાના કડક વ્રતનું પાલન કરે છે. તેમણે ફક્ત પોતાની વ્યક્તિગત આધ્યાત્મિક ઉન્નતિ માટે જ નહીં પરંતુ માનવતાના કલ્યાણ માટે પણ પ્રાર્થના કરી હતી. ગંગા, યમુના અને રહસ્યમય સરસ્વતી નદીઓના પવિત્ર સંગમ પર ડૂબકી લગાવવા માટે વિશ્વભરના ભક્તો પ્રયાગરાજના ત્રિવેણી સંગમ ખાતે એકઠા થયા છે. મંગળવારે મકરસંક્રાંતિ દરમિયાન પહેલું મોટું શાહી સ્નાન અથવા અમૃત સ્નાન થશે. સંગમ નોઝ સહિત તમામ મુખ્ય ઘાટ પર પવિત્ર સ્નાન કરતી વખતે ભક્તો "હર હર મહાદેવ," "જય શ્રી રામ," અને "જય બજરંગ બલી" ના નારા લગાવતા જોવા મળ્યા હતા. બિહાર, હરિયાણા, બંગાળ, ઓડિશા, દિલ્હી, ઉત્તરાખંડ, પંજાબ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા વિવિધ રાજ્યોના યાત્રાળુઓ મોટી સંખ્યામાં ભાગ લેતા જોવા મળ્યા હતા. સંગમ ઘાટ ખાતે, આંતરરાષ્ટ્રીય યાત્રાળુઓ અને આધ્યાત્મિક સાધકોની એક શ્રેણી ઉજવણીમાં જોડાઈ હતી. દક્ષિણ કોરિયાના ઘણા યુટ્યુબર્સ આ સ્વર્ગીય અનુભવને તેમના કેમેરામાં કેદ કરતા જોવા મળ્યા, જ્યારે જાપાનના પ્રવાસીઓએ આ ઘટનાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને સમજવા માટે સ્થાનિક માર્ગદર્શકો સાથે જોડાણ કર્યું હતું. મહાકુંભ મેળાની મુલાકાત લેનારા એક ઈટાલિયન ભક્તે કહ્યું, "તે ખૂબ જ શક્તિશાળી છે. અત્યારે મારામાં ઘણી બધી લાગણીઓ, રંગો અને બધું જ છે. આ મારો ભારતમાં પહેલો સમય છે." ગાઢ ધુમ્મસ અને ઠંડીના આંચકા શ્રદ્ધાથી ઘણા માઈલ પાછળ રહી ગયા હતા. મધ્યરાત્રિએ સંગમ ખાતે લાખો ભક્તોની ભીડ એકઠી થઈ હતી. તલ મૂકવા માટે પણ જગ્યા બચી ન હતી. પોષ પૂર્ણિમાની પહેલી ડૂબકી મધ્યરાત્રિથી જ શરૂ થઈ ગઈ હતી. આ સાથે, કલ્પવાસની શરૂઆત એક મહિના માટે યજ્ઞ વિધિઓથી પણ થઈ, જેમાં સંગમની રેતી પર જપ, ધ્યાન અને તપ માટે વેદીઓ શણગારવામાં આવી હતી. સમુદ્રમંથન દરમિયાન નીકળેલા ઘડામાંથી અમૃતના થોડા ટીપાં ટપકાવવાથી યુગો પહેલા શરૂ થયેલી કુંભ સ્નાનની પરંપરા આજથી શરૂ થઈ. આ વખતે મહાકુંભમાં ૧૮૩ દેશોના લોકો આવે તેવી અપેક્ષા છે. આ વિદેશી મહેમાનોના સ્વાગત અને આતિથ્ય માટે યોગી આદિત્યનાથ સરકાર દ્વારા ભવ્ય તૈયારીઓ કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સૂચિબદ્ધ મહાકુંભને વિશ્વ સમુદાય સમક્ષ અદ્‌ભુત રીતે રજૂ કરવા માંગે છે. મેળા વિસ્તારમાં દરરોજ ૮૦૦ થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.



















# સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ૬ માર્ગો માટે ૧૧.૩૦ કરોડ મંજૂર



સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના કાર્યકાળના ટૂંકા ગાળામાં જ વિસ્તારના વિકાસ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. 'વાદ નહિ વિવાદ નહિ વિકાસ સિવાય વાત નહિ'ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરતા કસવાલાએ ગ્રામીણ વિસ્તારોના માર્ગોના નવીનીકરણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરાવી છે. માર્ગ મકાન પંચાયત હસ્તકના ૬ રોડ માટે સરકાર દ્વારા મંજૂરીની મહોર લાગી છે. આ અંતર્ગત સાવરકુંડલા જીકીયાળી માર્ગ, પીઠવડી-ધાર-કેરાળા રોડ, પીઠવડી-ગણેશગઢ-ગાધકડા-વિજપડી માર્ગ, શેલણા-ફિફાદ-લુવારા માર્ગ, રામગઢ-ગાધકડા-લીખાળા માર્ગ અને લીલીયા-વાઘણીયા-ટીંબડી-ભોરીંગડા માર્ગ માટે કુલ ૧૧.૩૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત લીલીયા ક્રાંકચના રોડ સ્લેબ ડ્રેઈનના ૪૨૫ લાખ, લીલીયા પાંચ તલાવડા રોડના ૫૮૦ લાખ અને પાલીતાણા જેસર સાવરકુંડલા રોડ મેશનરી સ્લેબ ડ્રેઈનના ૧૨૫ લાખ પણ મંજૂર થયા છે. ધારાસભ્ય કસવાલાના પ્રયત્નોથી ગામડે ગામડે માર્ગો સુંદર અને સુવિધાજનક બનશે.

# અકાળા ગામે સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની ઉપસ્થિતિમાં વિકાસ કાર્યનો પ્રારંભ



લાઠી, તા.૧૩

લાઠી તાલુકાના અકાળા ગામમાં વિકાસની નવી દિશા ખૂલી છે. ગામમાં નવા પેવિંગ બ્લોક રોડના નિર્માણનું ખાતમુહૂર્ત સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. આ પ્રોજેક્ટ ગામના વિકાસમાં મહત્વનું સીમાચિહ્ન બનશે. નવા રસ્તાના નિર્માણથી ગ્રામજનોની દૈનિક અવરજવર સરળ બનશે અને ગામનું માળખાકીય સ્વરૂપ વધુ મજબૂત થશે. આ અવસરે સાંસદ અને ધારાસભ્યએ ગામના વિકાસ માટે આ મહત્વપૂર્ણ પગલાંની સરાહના કરી અને ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ હાજરી આપી હતી, જેમાં કલ્પેશભાઈ લુખી, હિતેશભાઈ રાખોલીયા, જગદીશભાઈ ખૂંટ, દકુભાઈ પડસાળા, ભાજપ શહેર પ્રમુખ ધર્મેશભાઈ સોની, શાસ્ત્રી દિનેશભાઈ પંડ્યા સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાની કૃષ્ણ ગૌશાળામાં ગાયોને આયુર્વેદિક અડદિયાનો ખોરાક અપાયો



તસવીર : સૌરભ દોશી

સા.કુંડલા, તા.૧૩

સાવરકુંડલામાં ભગવાન પરશુરામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે શ્રીકૃષ્ણ ગૌશાળામાં આયુર્વેદિક ગુણોથી ભરપૂર અડદિયા ગાયોને આપવામાં આવ્યા હતા. આ સેવા કાર્યમાં ટ્રસ્ટના જીગ્નેશભાઈ મહેતા, મુકેશભાઈ જોશી, શૈલેષભાઈ મહેતા, આશિષભાઈ ભટ્ટ, જતીનભાઈ ઠાકર, જયેશભાઈ પંડ્યા, રાજુભાઈ બોરીસાગર વગેરે જોડાયા હતા.

# બ્રહ્માકુમારીઝ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન






અમરેલી, તા.૧૩

અમરેલી ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. સતત ત્રણ દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં જુદા જુદા સ્થળોએ યુવાઓને આધ્યાત્મિક શક્તિ દ્વારા સકારાત્મક દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવાઓના પ્રેરણાસ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે ૧૨ જાન્યુઆરીના રોજ દિવ્ય અનુભૂતિ ભવનના દિવ્યલોક હોલમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાઓએ ઉપસ્થિત રહી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું.

# વડીયા-કુંકાવાવના રાંદલના દડવા ખાતે મહંતની પુણ્યતિથિ નિમિત્તે સંતવાણી યોજાશે

વડીયા, તા.૧૩

વડીયા-કુંકાવાવ તાલુકાના રાંદલના દડવા ખાતે કૈલાશવાસી મહંત બળવંતપ્રગટ બાપુની છઠ્ઠી પુણ્યતિથિમાં ભાગ લેવા મહંત હરેશપ્રગટ બાપુ અને તેમના પરિવાર દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. શુક્રવાર, ૧૭ જાન્યુઆરીએ બળવંતપ્રગટ બાપુની પુણ્યતિથિ નિમિત્તે રાંદલ માતાજીના મંદિરે સંતવાણીનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમાં રાજભા ગઢવી, ભાવનાબેન પટેલ, દલસુખભાઈ પ્રજાપતિ, જગદીશભાઈ સોની, શ્રવણદાસ બાપુ, ગુલાબગીરીબાપુ સંતવાણી અને લોકસાહિત્ય રજૂ કરશે. આ અવસરે ભક્તોને ભજન-ભોજનનો લ્હાવો લેવા કુટુંબ સહિત પધારવા જાહેર આમંત્રણ છે.

# રાજુલાના ધારેશ્વર ગામે યુવકને કુહાડીનો ઉંધો ઘા મારવામાં આવ્યો

રાજુલા, તા.૧૩

રાજુલાના ધારેશ્વર ગામે રહેતા એક યુવકને માથાના ભાગે કુહાડીનો ઉંધો ઘા મારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે હસમુખભાઈ ઝીણાભાઈ બાંભણિયા (ઉ.વ.૨૪) એ વલ્લભભાઈ ભાણાભાઈ બારૈયા તથા રોહિતભાઈ રમેશભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું મોટર સાયકલ લઈને બસ સ્ટેશને પાર્સલ લેવા જતા હતા તે દરમિયાન ધારનાથ રોડ પર નાળાની પાસે પહોંચતા બન્ને આરોપીઓ ભેંસો લઈ જતા હોય અને રોડ ઉપર ભેંસો હોવાથી મોટર સાયકલ ચાલવાની જગ્યા ન હોવાથી ઉભુ રાખ્યું હતું. લાલભાઈની દીકરી હેતલબેનને તેમના કાકાનો દીકરો ભાઈ રવીભાઈ આતુભાઈ પાંચેક મહિના પહેલા ભગાડી લઈ ગયો હતો અને પ્રેમલગ્ન કરી લીધા હતા. આ વાતનું મનદુઃખ રાખી તેમને માથાના ભાગે કુહાડીનો ઉંધો ઘા મારી ૭ ટાંકાની ઈજા પહોંચાડી હતી. તેમજ બન્ને આરોપીએ તેમને બન્ને હાથ તથા પગના ભાગે કુહાડીના ઉંધા ઘા મારી ઈજા પહોંચાડી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. ડી. હડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ત્રણ સ્થળે દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસે તવાઈ બોલાવી

**જાફરાબાદ, લાઠી અને સરકારી પીપળવા ગામેથી ભઠ્ઠીઓ ઝડપાઈ**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી દેશી દારૂની ભઠ્ઠી પર ધોંસ બોલાવી હતી. જાફરાબાદ, લાઠી અને સરકારી પીપળવા ગામેથી આ ભઠ્ઠીઓ ઝડપાઈ હતી. પોલીસે દેશી દારૂ સહિત ભઠ્ઠીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલામાં એક મહિલાના રહેણાંક મકાનેથી દેશી દારૂ બનાવવાનો ૨૦ લીટર આથો ઝડપાયો હતો. ૨૨ ઈસમો પાસેથી ૧૮૦ લીટર જેટલો પીવાનો દેશી દારૂ તથા ૧૦૦ લીટર આથો ઝડપાયો હતો.

# રાજુલા મારુતિ ધામ મંદિરે સ્વામી વિવેકાનંદ જયંતીની ભવ્ય ઉજવણી



રાજુલા, તા.૧૩

રાજુલા મારુતિ ધામ મંદિર ખાતે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાજુલાના પૂર્વ પ્રમુખ ચિરાગ બી. જોષીના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમમાં ભાવેશ બાપુ ગોંડલિયા, ઉમેશભાઈ જાની તથા શહેરના અનેક ભક્તો જોડાયા હતા. કાર્યક્રમમાં ભારતમાતા અને સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભગવાન રામેશ્વર મહાદેવ, મારુતિ દાદા અને બજરંગ દાસ બાપાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

# જાબાળ પ્રાથમિક શાળામાં વાલી મિટિંગ અને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા તા. ૧૩

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની જાબાળ પ્રાથમિક શાળામાં સંવિદ વેન્ચરના સહયોગથી દીપશાળા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ પ્રોજેકટના દાતા ભરતભાઈ દેસાઈ સાહેબના સહયોગથી જાબાળ પ્રાથમિક શાળામાં ધોરણ સાતના ૨૨ વિદ્યાર્થીઓ અને ધોરણ આઠના નવા ૧ વિદ્યાર્થીને એમ કુલ ૨૩ વિદ્યાર્થીઓને આજે ટેબલેટ આપવામાં આવ્યા હતા. દીપશાળા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર મનોહરભાઈ મહીડા દ્વારા શિક્ષણમાં ટેબલેટનો ઉપયોગ અને જવાબદારી વિશે સમજ આપવામાં આવી હતી. શાળાનાં આચાર્ય ગૌરાંગભાઈ રમણા અને સર્વે શાળા પરિવારે દાતા ભરતભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રન્નાબેન વ્યાસ દ્વારા કરવામાં આવેલ.

# કલા ઉત્સવ સ્પર્ધામાં સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલનો દબદબો



સાવરકુંડલા તા. ૧૩

સા.કુંડલા તાલુકા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન એમ. એલ. શેઠ વ્યાયામ મંદિર ખાતે થયું હતું. જેમાં સા.કુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ ઘણી સ્પર્ધામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું જેમાં નિબંધ સ્પર્ધા - કોઠીયા ધાર્મિ અશ્વિનભાઈ પ્રથમ નંબર, સૈયદ નમીરા ફિરોજભાઈ પ્રથમ નંબર, ચિત્રકલા - ગુંધળી નમ્રતા દિલીપભાઈ પ્રથમ નંબર, સમૂહ ગીત કાનાણી કાજલ, કાનાણી હેમાંગીએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. તાલુકા કક્ષામાં પ્રથમ આવનાર બહેનો જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. તૈયારી કરાવનાર પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા તેમજ સુપરવાઈઝર નિતાબેન ત્રિવેદી તેમજ લાલજીભાઈ રાઠોડે જહેમત ઉઠાવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વિજ્ઞાન-ગણિતમાં કોઠાપીપરીયા પ્રાથમિક શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં આવેલ કોઠા પીપરીયા પ્રાથમિક શાળાએ શૈક્ષણિક ક્ષેત્રે અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં શાળાએ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ઝોન કક્ષાએ વિભાગ-૩માં પ્રથમ સ્થાન મેળવ્યું છે, જેમાં વિદ્યાર્થિનીઓ પડસારીયા હેમાંશી અને પટોળીયા દર્શાલીએ માર્ગદર્શક શિક્ષક સંદીપભાઈ ધડુકના માર્ગદર્શન હેઠળ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ કૃતિ હવે રાજ્યકક્ષાએ રજૂ થશે. શાળાની સફળતાનો સિલસિલો એટલેથી અટક્યો નથી. ઓલ ઈન્ડિયા રામાનુજ મેથ્સ ક્લબ દ્વારા આયોજિત મેથ્સ કાર્નિવલમાં શાળાના વિદ્યાર્થીઓ પટોળીયા લક્ષ અને પટોળીયા દવેએ રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ જ સ્પર્ધામાં શાળાના શિક્ષક સંદીપભાઈ ધડુકે ઈનોવેશન કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. સંદીપભાઈ ધડુકે શિક્ષણ ક્ષેત્રે આપેલી ઉત્કૃષ્ટ સેવાઓની કદર કરતાં લાયન્સ ક્લબ અમરેલી દ્વારા તેમને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે.




# બે સિંહોને અમરેલી-વેરાવળ ટ્રેનની અડફેટે આવતા બચાવી લેવાયા

**ભાવનગર ડિવિઝનના લોકો પાઇલટ્સ અને ફોરેસ્ટ ટ્રેકર્સની પ્રશંસનીય કામગીરી**

અમરેલી,તા.૧૩

અમરેલી-વેરાવળ ટ્રેનના લોકો પાઈલટ બલીરામ કુમાર અને આસિસ્ટન્ટ લોકો પાયલોટ દિનેશ ચન્દની સતર્કતાથી સોમવારે, કાંસિયાનેસ-સાસણ ગીર સેક્શનમાં એક સિંહ અને એક સિંહણ રેલવે ટ્રેક ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેન નં. ૫૨૯૪૬ને ઈમરજન્સી બ્રેક લગાવીને અટકાવવામાં આવી હતી. ટ્રેન મેનેજર (ગાર્ડ)ને લોકો પાયલટ દ્વારા જાણ કરવામાં આવી હતી. ફોરેસ્ટ ટ્રેકર રાણાભાઈ ગઢવી દ્વારા ટ્રેક ક્લિયર કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી. રેલવેના ઉચ્ચ અધિકારીઓએ લોકો પાઈલટ્સ અને ફોરેસ્ટ ટ્રેકર્સના કાર્યની પ્રશંસા કરી હતી. ભાવનગર રેલવે મંડળના લોકો પાયલોટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૮ સિંહોના જીવ બચાવાયા છે.



# અમરેલીમાં પતિએ પત્નીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૩

અમરેલીમાં રહેતા એક પરિણીતાને તેના પતિએ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. નયનાબેન રવજીભાઈ રાઠોડ (ઉ.વ.૫૩)એ પતિ રવજીભાઈ મનજીભાઈ રાઠોડ, દીકરો દિવાકરભાઈ રવજીભાઈ રાઠોડ, પુત્રવધૂ રેણુકાબેન દિવાકરભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તેના પતિએ લગ્નજીવનના છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન અવારનવાર શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. પતિએ ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ દીકરા અને પુત્રવધૂએ ગાળો આપી ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. પટોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# કાણકિયા કોલેજમાં યોજાયેલી ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્ના.માં ટી.વાય.બી.કોમ. ટીમનો વિજય

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે તાજેતરમાં ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧મી જાન્યુઆરીના રોજ યોજાયેલી ફાઈનલ મેચમાં ટી.વાય. બી.કોમ. અને એફ.વાય.બી.એ.ની ટીમો વચ્ચે રસાકસીભર્યો મુકાબલો ખેલાયો હતો. સાવરકુંડલા-લીલીયા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને અન્ય રાજકીય તેમજ સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ મેચમાં ટી.વાય.બી.કોમ.ની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. કોલેજના અધ્યાપક હૈદરખાન પઠાણની રસપ્રદ લાઈવ કોમેન્ટ્રીએ મેચની રોમાંચકતામાં વધારો કર્યો હતો. અંતે ટી.વાય.બી.કોમ.ની ટીમે વિજય મેળવ્યો હતો. વિજેતા અને રનર્સ અપ ટીમોને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રવિયા અને રમતગમત કમિટીના અધ્યક્ષ અર્જુનસિંહ પરમારના હસ્તે શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવી હતી. નિરવભાઈ બોરીસાગર અને સુજલભાઈ કનાલાએ અમ્પાયર તરીકે સેવાઓ આપી હતી.



# જિલ્લામાં ૪ જગ્યાએથી ૨૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં ૪ જગ્યાએથી ૨૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જેમાં જાળીયા ગામેથી ૧૦ લીટર દારૂ મળી આવ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. પોલીસે પીધેલાઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડુંગર ગામે કથીવદર જવાના રોડેથી ચાઈનીઝ ફીરકી સાથે ઈસમ ઝડપાયો

રાજુલા, તા.૧૩

રાજુલાના ડુંગર ગામે કથીવદર જવાના રોડેથી ચાઈનીઝ ફીરકી સાથે ઈસમ ઝડપાયો હતો. ડુંગર ગામના તોફીકશા અલારખશા પઠાણ (ઉ.વ.૩૦) પાસેથી બે ચાઈનીઝ ફિરકી મળી આવી હતી. પોલીસે ૧૦૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.






-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૫/૨૦૨૪

અરજદારશ્રીઃ- માંડાણી નાનજીભાઈ કેશવભાઈ,
રહે. બોરાળા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી બોરાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પત્નિ રળીયાતબેન નાનજીભાઈ માંડાણીનું મરણ તા.૨૬/૦૭/૨૦૦૭ ના રોજ મુ.બોરાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા











**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૫૫/૨૦૨૪ તા.૦૯/૦૧/૨૦૨૫

**અરજદારશ્રીઃ** ૧. ઠુંમર લીંબાભાઈ આણંદભાઈ
રહે. ગાધકડા, તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ઠુંમર નિલેશભાઈ લીંબાભાઈનો જન્મ તા.૧૩/૦૭/૨૦૦૦ ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહીં તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા









# રાજુલાની ભેરાઈ ચોકડી નજીક ટ્રકમાં આગ લાગતા હાઈ-વે જામ

રાજુલા,તા.૧૩

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ભેરાઈ ચોકડી નજીક રેલવે ફાટક પાસે એક ટ્રકમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનાને પગલે સલામતીના ભાગરૂપે હાઈવે પર વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. આગની જાણ થતાં સ્થાનિક પોલીસે તાત્કાલિક પગલાં લીધા હતા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હાઈવે બંધ કરી દીધો હતો. સ્થળ પર હાજર રોડ કામદારોએ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ વધુ વિકરાળ બનતાં રાજુલા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. લગભગ ૨૫ મિનિટ સુધી હાઈવે બંધ રહ્યા બાદ, આગ કાબૂમાં આવતાં પોલીસે વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો. જાણવા મળ્યા મુજબ, આગ લાગેલી ટ્રક હાઈવેના નિર્માણકાર્ય સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરની હતી. સ્થાનિક પોલીસ અને લોકોના સહયોગથી ઘટનામાં માત્ર ટ્રકને નુકસાન થયું હતું, અન્ય કોઈ જાનમાલનું નુકસાન થયું ન હતું.


તસવીર : ગોપાલ રાઠોડ

# સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા બાળકોને પતંગ વિતરણ

અમરેલી,તા.૧૩

સાવરકુંડલામાં ઉત્તરાયણની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી રહી છે. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ રિદ્ધિસિદ્ધિ ચોક ખાતે વિદ્યાર્થીઓને પતંગનું વિતરણ કરી 'એક દેશ એક ચૂંટણી'નો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક ભાજપના હોદ્દેદારો અને સંગઠનના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જણાવ્યું કે, ઉત્તરાયણ સનાતન સંસ્કૃતિનું મહત્વપૂર્ણ પર્વ છે જે દરેક વર્ગના લોકો ધામધૂમથી ઉજવે છે. તેમણે વધુમાં કહ્યું કે વારંવાર આવતી ચૂંટણીઓ દેશના સંસાધનો અને આર્થિક વ્યવસ્થા પર બોજ બને છે, જે વિકાસના કામોમાં અવરોધરૂપ બને છે. આ પહેલથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. ધારાસભ્યએ જણાવ્યું કે વિશ્વના અન્ય દેશોની જેમ ભારતમાં પણ એક સાથે ચૂંટણી યોજવાની વ્યવસ્થા અંગે જનજાગૃતિ લાવવાનો આ એક પ્રયાસ છે. હાલમાં સમગ્ર અમરેલી જિલ્લામાં ઉત્તરાયણની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે અને પતંગ રસિયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




# લાઠીના હીરાણા ગામના પાટીયા પાસે અકસ્માતમાં એકનું મોત

લાઠી, તા.૧૩

લાઠીના હીરાણા ગામના પાટીયા પાસે સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત થયું હતું. ચાવંડ ગામે રહેતા મેરમભાઈ જેઠાભાઈ બાંભવા (ઉ.વ.૩૨)એ ભરતભાઈ માજન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા બાપુજી નનુભાઈ રામભાઈ બાંભવા પોતાના હવાલા વાળુ મો.સા. રજી.નં.જીજે-૧૪-એબી-૪૭૯૮ લઈને દેરડી જાનબાઈ ગામેથી વ્યવહારીક કામેથી હિરાણા ગામે જતા હતા. હિરાણા ગામના પાટીયા પાસે વળવા જતા ફોરવ્હીલ નંબર જીજે-૧૪-એકે-૮૦૬૫ના ચાલક ભરતભાઈ માજને પોતાના હવાલાની ફોરવ્હીલ પૂરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેમના મોટા બાપુજીના મોટર સાયકલ સાથે અકસ્માત સર્જ્યો હતો જેમાં તેમનું મૃત્યુ થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ બી.જે. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા સેજા ખાતે પોષણ ઉત્સવ અને પોષણ ઉડાન અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ

બાબરા, તા.૧૩

આજે બાબરા ઘટકના બાબરા સેજા ખાતે પ્રોગ્રામ ઓફિસર અને સી.ડી.પી.ઓ. બાબરાના માર્ગદર્શન હેઠળ પોષણ ઉત્સવ-૨૦૨૪ અને પોષણ ઉડાન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સંચાલિત આંગણવાડીઓના લાભાર્થીઓ માટે ટી.એચ.આર. (માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિ) અને મિલેટ્સ (શ્રી અન્ન)માંથી બનાવેલી પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના સુપોષણ માટે આપવામાં આવતા ટેક હોમ રાશનમાં કેલરી, પ્રોટીન અને સૂક્ષ્મ પોષકતત્વોનો સમાવેશ થાય છે. કાર્યક્રમ અંતર્ગત વાનગી સ્પર્ધામાં વિજેતા બનેલા લાભાર્થીઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રવીણભાઈ કરકર, અંકુરભાઈ જસાણી, અશ્વિનભાઈ મકવાણા, RBSK મેડમ, નારી અદાલતના કર્મચારીઓ, સી.ડી.પી.ઓ. મમતાબેન કથીરીયા, મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# ડેડાણ ગામે પરિણીતાના માતા-પિતાની આંખમાં મરચાની ભુકી નાખીને તેની દીકરીનું અપહરણ કર્યું

**૧૪ ઇસમો સામે ફરિયાદ નોંધાઈ**

ખાંભા, તા.૧૩

ખાંભાના ડેડાણ ગામે રહેતી એક પરિણીતા રિસામણે હતી. તેમના માતા-પિતાની આંખમાં મરચાની ભુકી નાખીને અપહરણ કરવામાં આવ્યું હતું. બનાવ અંગે જાલુબેન પુનાભાઈ ચારોલીયા (ઉ.વ.૨૧)એ ખાંભામાં રહેતા કેશુભાઈ વેલજીભાઈ વાડદોરીયા, હંસાબેન કેશુભાઈ વાડદોરીયા, પ્રભાતભાઈ કેશુભાઈ વાડદોરીયા, અરૂણ ઉર્ફે અરવિંદભાઈ કેશુભાઈ વાડદોરીયા, કનુભાઈ વેલજીભાઈ વાડદોરીયા સહિત ૧૪ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, એકાદ વર્ષથી તેઓ તેના માવતરે રિસામણે હતા. જેનું મનદુઃખ ફરિયાદીના સસરાપક્ષના લોકોએ રાખી જેન્યો જેવું વાહન તેના માવતરે ડેડાણ ગામે આવી એક સંપ કરી લાકડાના બડીયા વડે તેમના માતા-પિતાને શરીરના ભાગે આડેધડ માર માર્યો હતો. ઉપરાંત તેના માતા-પિતાની આંખમાં મરચાની ભુકી નાખી હતી. ઉપરાંત માતા-પિતાને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. આ સિવાય નાનાભાઈ સહદેવને કાંઠલો પકડી ઉચો કર્યો હતો અને નાનાભાઈને કપાળના ઉપરના ભાગે લાકડીનો મુંઢ ઘા માર્યો હતો. તેમના પિતાને પકડી તથા તેના માતાને, તેમની દીકરી જ્યોતીને ઘરની બહાર બળજબરીથી ધાક-ધમકી આપી ઈચ્છા વિરૂધ્ધ લઈ ગયા હતા. જતા જતા પથ્થરોના છુટ્ટા ઘા માર્યા હતા અને જેન્યો જેવું વાહન લઈને ફરાર થઈ ગયા હતા. ખાંભા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં જાબાળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

સાવરકુંડલા, તા.૧૩

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૬-૧-૨૫ના રોજ સાવરકુંડલાની કે. કે. હાઈસ્કૂલ ખાતે એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં જાબાળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં અન્ડર ૯ ૩૦ મીટર દોડમાં સવરા કિંજલ સ્પર્ધામાં તૃતીય, અન્ડર ૯ સ્ટેન્ડિંગ બ્રોડજમ્પમાં જાનવી ગૌસ્વામી દ્વિતીય, અન્ડર ૧૧ સ્ટેન્ડિંગ બ્રોડ જંપમાં સુમિત શિણવિયા પ્રથમ અને વૈદેહી ગૌસ્વામી દ્વિતીય ક્રમે આવ્યા હતા. ચેસમાં અન્ડર-૧૧માં વનરાજ બોળીયા દ્વિતીય અને ચેસ ઓપન ગ્રુપમાં શાળાના શિક્ષક ઉત્તમભાઈ તેરૈયા તૃતીય ક્રમે વિજેતા થયેલ. કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૪ ભાઈઓ સમગ્ર તાલુકામાં દ્વિતીય ક્રમે વિજેતા થયેલ. આ તકે શાળાના કોચ ઉત્તમભાઈ તેરૈયા અને આચાર્ય ગૌરાંગભાઈ રમણા અને શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને જિલ્લા કક્ષા માટે શુભેચ્છાઓ પાઠવેલ એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.



# અમરેલી શહેરમાં મહિલાને વોટ્સએપ કોલ કરી ગાળો આપી

અમરેલી, તા.૧૩

અમરેલીમાં રહેતા જસ્મીનબેન વા/ઓ અમીનભાઈ ફિરોજભાઈ ભયદાણી (ઉ.વ.૩૨)એ વાવડી ચલાલામાં રહેતા ઝુલ્ફીકાર હસનભાઈ કડવાણી તથા જેઠાણી સલમાબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના જેઠાણી સલમાબેન અને ઝુલ્ફીકાર હસનભાઈ કડવાણી રહે.વાવડી ચલાલા વાળા સાથે ભાગી ગયા હતા. તેમના જેઠાણી સલમાબેન અને ઝુલ્ફીકાર બન્નેએ તેમને વોટ્સએપ કોલ કરી જેમફાવે તેમ ગાળો તથા મારી નાખવાની ધમકી આપી હતી. થોડા સમય પછી તેમના જેઠાણી પરત આવી ગયા હતા અને ત્યારબાદ તેમના જેઠાણી જેઠ સાથે છૂટાછેડા લઈ આ ઝુલ્ફીકાર પાસે જતા રહ્યા હતા. ઝુલ્ફીકારે ફરીથી તેમના ભાઈ અલ્તાફભાઈ બાઘડીયાને ફોન કરી તેને જેમફાવે તેમ ગાળો તથા ધમકી આપી હતી. સલમાબેને તેમને વોટ્સએપ કોલ દ્વારા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# દામનગરના ભટ્ટવદર ગામની સીમમાં તમો જુગાર રમવામાં ચીટીંગ કરો છો તેમ કહી ધમકી આપી

**બળજબરીપૂર્વક રૂ.૨૦,૦૦૦ કઢાવી લીધા**

દામનગર, તા.૧૩

દામનગરના ભટ્ટવદર ગામની સીમમાં તમો જુગાર રમવામાં ચીટીંગ કરો છે તેમ કહી યુવકને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મનુભાઈ નથુભાઈ સોલંકી (ઉ.વ.૪૦)એ રણુભાઈ રહે.ભટવદર, જસાબાપુ રહે. રાભડા તથા રણુભાઈના સંબંધી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ રણુભાઈની વાડીએ જુગાર રમવા માટે ભેગા થયા હતા. આરોપીએ તેમને કહ્યું કે, તમો જુગાર રમવામાં ચીટીંગ કરો છો તેમ કહી જમણા પગના સાથળ ઉપર પાટું મારી, વાડીએ પડેલું રાંઢવું લઈ પગની પીંડીએ તથા પીઠ પાછળ પાંચેક ઘા મારી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમને જીતેલા પૈસા લઈ આવવા કહી મોટર સાયકલ પાછળ બેસાડી દામનગર તેમના ઘરે લઈ આવ્યા હતા. અહીં ધમકી આપી બળજબરીપૂર્વક રૂ.૨૦,૦૦૦ કઢાવી લીધા હતા. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ એકમ
તા. ૧૪-૦૧-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૪૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૧૪-૦૧-૨૦૨૫ મંગળવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને પરિવાર સાથે આનંદમાં સમય વિતાવશો. સુખ આવશે અને પરિવારમાં ખુશીઓ રહેશે.

વૃષભઃ આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. ભેટ અને માન-સન્માનના લાભ મળશે. બીજાનો સહકાર લેવામાં સફળ રહેશો.

મિથુનઃ આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને તમારું ભાગ્ય વધી શકે છે. પરિવારમાં સમૃદ્ધિ થશે અને બગડેલી બધી બાબતો પૂરી થશે.

કર્કઃ આજનો દિવસ તમારા માટે થોડો જોખમી હોઈ શકે છે. આમ કરવાથી તમારા માટે સફળતાની નવી રીત ખુલી શકે છે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે જુદો છે. તમે ક્યારેય બદલાવથી ડરતા નથી, પરંતુ આજે સરકાર અથવા સિસ્ટમમાંથી પરિવર્તન આવી શકે છે.

કન્યાઃ આજે તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ રહેશો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે.

તુલાઃ આજે કોઈ કારણસર મુશ્કેલી આવી શકે છે. પારિવારિક મુશ્કેલીઓ સમસ્યામાં વધારો કરી શકે છે. આર્થિક વ્યવહારમાં સાવચેત રહેવું.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. આજે તમે જે પણ નિર્ણય લેશો તે ભવિષ્યમાં તમને લાભ આપશે.

ધનઃ આ દિવસે તમે તમારા કાર્યક્ષેત્રમાં સારી ખ્યાતિ મેળવી શકો છો. જો તમે તમારું કાર્ય ગંભીરતાથી કરશો તો તમને સફળતા મળશે.

મકરઃ આજે તમારા ઘરના લોકો સાથે થોડો વિવાદ થઈ શકે છે, પરંતુ તેમ છતાં તમારું દાંપત્ય જીવન સુખી રહેશે. ભાગ્ય પ્રાપ્ત થશે અને ધન, પદ, પ્રતિષ્ઠા વધશે.

કુંભઃ આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા તરફ લઈ જશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું.

મીનઃ આ દિવસે નોકરી અને ધંધામાં ઇચ્છિત પરિણામ મળતાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત રહેશે.

# સા.કુંડલામાં તાલુકા કલા મહાકુંભની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા તાલુકામાં કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે તાલુકા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારના ૪૫૦થી વધુ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કલા મહાકુંભ અંતર્ગત નિબંધ, ચિત્ર, લોકગીત, સમૂહગીત અને વક્તૃત્વ સહિતની કુલ ૧૪ સ્પર્ધાઓનું આયોજન વિવિધ ઉંમર જૂથ માટે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ૪૨ જેટલા તજજ્ઞોએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંજુલાબેન ભટ્ટે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સાવરકુંડલા તાલુકા યુવક મંડળના પદાધિકારીઓ અને કાર્યકરોએ મહત્વનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ધર્મશંકરભાઈ ભટ્ટ અને વિપુલભાઈ શિંગાળાએ આભારવિધિ કરી હતી.



## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૮૭/૨૦૨૪

**અરજદારશ્રી** :- શ્રી જાદવભાઈ ભાણાભાઈ ચૌહાણ
**સરનામું** :- મું. મોટામાણસા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી-મોટામાણસા મું. મોટામાણસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમેરલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મોટામાણસા ગામના શ્રી જાદવભાઈ ભાણાભાઈ ચૌહાણ એ તેમના પિતા નામે સ્વ. શ્રી ભાણાભાઈ નથુભાઈ ચૌહાણ નું મરણ તા.૧૩/૧૦/૨૦૧૫ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ઉમેશભાઈ વી. દારૂ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. જાન્યુઆરી સને.૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટમાં સિક્કા કરી આપ્યા

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૭/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## -:: રૂબરૂ સુનાવણી નોટીસ ::-

## મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

નં.મરણ નોંધણી/અરજી નં.૯૭/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** અકબરી બચુભાઈ છગનભાઈ,
રે. દાધીયા તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** તકમશ્રી દાધીયા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા છગનભાઈ નારણભાઈ અકબરીનું મરણ તા.૧૦/૦૨/૨૦૦૦ ના રોજ મુ.દાધીયા તા.સાવરકુંડલા, જિ.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જાણવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતર ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૪૨/૨૦૨૪ તા.૦૯/૦૧/૨૦૨૫

**અરજદારશ્રીઃ** ૧. ગૌસ્વામી મુકેશગીરી મનુગીરી
રહે. પિયાવા, તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ગૌસ્વામી યશગીરી મુકેશગીરીનો જન્મ તા.૧૮/૦૮/૨૦૦૬ ના રોજ મુ. પિયાવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

**તંત્રી લેખ**

# નવી સરકાર આવતા પહેલા અમેરિકામાં ઉથલપાથલ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાનું સિંહાસન સંભાળતા પહેલા જ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશ નિકાલ કરવાનું એલાન કરી દીધું જેને કારણે અમેરિકામાં સમય મર્યાદા કરતા વધારે રોકાયેલા લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. અમેરિકન પ્રમુખનો હોદ્દો સ્વીકારતા પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે જે નિવેદન આપ્યું છે તેને કારણે અમેરિકામાં અગણિત લોકોને ગંભીર અસર થશે. અમેરિકા પોતાના નાગરિકોને પ્રથમ કક્ષાએ મૂકવા માટે ભારત ઉપર વિઝા તથા ટેક્સના પ્રતિબંધ મૂકવા માંગે છે તેમ જાહેર સભામાં ડોનાલ્ડ ટ્રમ્પે આપેલા નિવેદનથી ભારતીય સમુદાયમાં નિરાશા વ્યાપી છે. તેઓને લાગે છે કે હવે સ્વદેશ પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો છે. નજીકના ભવિષ્યમાં અમેરિકાથી અગણિત લોકો ભારત વાપસી કરશે. અન્ય એક નિવેદનમાં અમેરિકન પ્રમુખે કહ્યું કે કેનેડા અમેરિકાનું રાજ્ય બની જશે આના કારણે કેનેડાની અંદર ભારે સનસનાટી મચી ગઈ બીજી બાજુ ભારે વિવાદનો સામનો કરી રહેલા કેનેડાના વડાપ્રધાનને રાજીનામું આપવું પડ્યું. બ્રાઝિલ અને કેનેડાના હજારો નાગરિકોને અમેરિકામાંથી તગડી મૂકવામાં આવશે તેની ગંભીર અસર પડશે. અમેરિકામાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્ર સાથે સંકળાયેલા યુવાનો ભારતમાં આવી જશે એવું લાગે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે અચાનક જ નોકરી આંચકી લેવામાં આવે છે અને જ્યાં ડિમાન્ડ હતી ત્યાં ગ્રહણ જોવા મળી રહ્યું છે. પ્રતિદિન સ્થિતિ વધુ વણસતી જાય છે. ભારતના સેંકડો આઈટી નિષ્ણાતો માથે છટણીની તલવાર લટકી રહી છે. અમેરિકામાં ૨૦૨૨ના વર્ષમાં અત્યાર સુધીમાં ૫૨,૦૦૦ જેટલા આઈટી નિષ્ણાતોએ નોકરી ગુમાવી છે. અનેક ભારતીયો એચવન-બી વિઝાની રાહ જોઈને બેઠા છે. જે લોકો વિઝાની સમસ્યા અનુભવી રહ્યા છે તેમના માટે ભારત પરત આવવું વધુ યોગ્ય છે એમ કહી શકાય. અમેરિકાની એચવન-બી વિઝા નીતિ બહુ સ્પષ્ટ થતી નથી, જે ચિંતાનો વિષય છે.

આપણો દેશ બ્રેન ડ્રેનની સમસ્યાનો ગંભીરતાથી સામનો કરી રહ્યો છે. આપણા મોટાભાગના આઈટીની નિષ્ણાતોને અમેરિકામાં ખૂબ મોટી તક મળતી હોવાથી તેઓ જ્યાં ચાલ્યા ગયા છે આથી આપણે ત્યાં આઈટી મેન પાવરનો અભાવ વધતો જાય છે પરંતુ હવે પરિસ્થિતિ બદલાતા અમેરિકાથી મોટા પ્રમાણમાં લોકો ભારતમાં આવીને સ્થાયી થશે અને ભારતને આઈટી ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનાવવા માટે યોગદાન આપશે તે આપણા માટે એક સારી શરૂઆત ગણી શકાશે. ઈશ્વર જે કરે છે તે સારા માટે કરે છે. અમેરિકામાંથી જે લોકોને કાઢી મુકવામાં આવશે તે લોકોને એવું લાગશે કે પોતાની સાથે ખોટું થયું છે પરંતુ બીજી રીતે તેઓ પોઝિટિવ વિચારશે તો લાગશે કે અત્યાર સુધી તેણે અમેરિકાને સશક્ત બનાવવામાં પોતાની શક્તિ ખર્ચી છે હવે પોતાના વતનને આર્થિક ક્ષેત્રે નંબર વન બનાવવાનો મોકો મળશે અને આ રીતે તે દેશને આઈટી ક્ષેત્રે અમેરિકા કરતા પણ વધુ સંપન્ન બનાવી શકશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ડોનાલ્ડ ટ્રમ્પ સિલિકોન વેલીમાંથી ભારતીય યુવાનોને દેશ નિકાલ કરે તો તે એની સૌથી મોટી ભૂલ ગણાશે કારણકે અમેરિકા આજે ટેકનોલોજીમાં નંબર વન છે તેની પાછળ ભારતીય દિમાગ કાર્ય કરે છે આ લોકો જો અમેરિકા છોડી ચાલ્યા જાય તો અમેરિકા ટેકનોલોજીના ક્ષેત્રમાં ચાઈના કરતા પણ પાછળ રહી જશે અને ભારત તેનાથી આગળ નીકળી જાય તેવી સો ટકા શક્યતા રહેલી છે.

# મકરસંક્રાંતિ એટલે સંસ્કૃતિ, પતંગ અને ખુશીનો તહેવાર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

ભારતમાં પ્રાચીન સાહિત્યમાં પતંગનો કોઈ ઉલ્લેખ નથી. ભારતમાં પતંગની શરૂઆત ક્યારે થઈ એનો કોઈ ચોક્કસ સમયનો ઉલ્લેખ નથી. આમ છતાં પ્રાચીન ભારતમાં મકરસંક્રાંતિ ઉજવાતી એનો ઉલ્લેખ પુરાણોમાં મળે છે. મકરસંક્રાંતિ એ ભારતનો એક પ્રાચીન અને મહત્વનો તહેવાર છે. મકરસંક્રાંતિનું મહત્વ માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ નહીં પરંતુ ખેડૂતોના જીવનમાં પણ ખૂબ છે. આ દિવસથી શિયાળાની ઋતુનો અંત અને ઉનાળાની શરૂઆત થાય છે. ખેડૂતો માટે આ દિવસ નવી શરૂઆતનો દિવસ હોય છે. તેઓ નવી સિઝનની તૈયારી કરવાનું શરૂ કરે છે. મકરસંક્રાંતિ દેશના વિવિધ ભાગોમાં અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં આ દિવસે પતંગ ઉડાડવાની પરંપરા છે. લોકો છત પર એકઠા થઈને રંગબેરંગી પતંગો ઉડાડે છે. આ સિવાય ગુજરાતમાં તલની ચીકી, ગાજરનો હલવો જેવી મીઠાઈઓ બનાવીને ખાવામાં આવે છે.

મકરસંક્રાંતિ એટલે પતંગનો આનંદભર્યો ઉત્સવ. પતંગ ઉત્સવ એ એક એવો તહેવાર છે, જે આનંદ, ઉત્સાહ અને રંગોથી ભરપૂર હોય છે. આ દરમિયાન આકાશ રંગબેરંગી પતંગોથી શણગારાય છે અને લોકો આનંદમાં મસ્ત થઈને પતંગ ઉડાડે છે. ભારતમાં મકરસંક્રાંતિના દિવસે પતંગ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પતંગ ઉડાડવાની પરંપરા ભારતીય સંસ્કૃતિનો એક અભિન્ન ભાગ છે. આમ છતાં પ્રાચીન ભારતના સાહિત્યમાં પતંગનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. પતંગ ઉડાડવાથી લોકોમાં આનંદ અને ઉત્સાહ વધે છે. આ તહેવાર લોકોને એકબીજા સાથે જોડે છે અને સામાજિક સંબંધોને મજબૂત બનાવે છે.

પતંગ બનાવવા એ એક કળા છે અને તેમાં કારીગરીનું કામ આવતું હોય છે. ગુજરાતમાં સુરત, ખંભાત જેવા શહેરોમાં પતંગ બનાવવાનો ગૃહઉદ્યોગ ચાલી રહ્યો છે જેમાં અનેક લોકોને રોજગારી મળે છે. અમદાવાદ, સુરતમાં પતંગ ઉત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવાય છે. પતંગમાં ચાઈનાની દોરી વપરાય છે તેના પર પ્રતિબંધ હોવા છતાં મોટા પ્રમાણમાં ચાઈનાની દોરી વેચાય છે તેને કારણે અનેક લોકોને ગળામાં ઈજા થાય છે, અગણિત પંખીઓની પાંખો કપાવાથી મૃત્યુને ભેટે છે. આના પર પ્રતિબંધ હોવા છતાં બજારમાં ખુલ્લેઆમ ચાઈનાની દોરી વેચાતી જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં અનેક લોકો ઘાયલ પક્ષીઓને બચાવવા માટે સતત પ્રયાસો કરે છે. અને ઘાયલ પંખીઓને બચાવવા માટે હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. પતંગ ઉત્સવની તૈયારીઓ પહેલાથી જ શરૂ થઈ જાય છે. ઘણા લોકો પોતાના હાથે પતંગ બનાવે છે અથવા બજારમાંથી ખરીદે છે. મકરસંક્રાંતિના દિવસે લોકો છત પર, મેદાનમાં અથવા ખુલ્લી જગ્યાએ એકઠા થઈને પતંગ ઉડાડે છે. આ તહેવારોમાં અનેક




લોકો પડવા આખડવાથી અને અકસ્માતથી ઈજાગ્રત થાય છે. અનેક લોકોને વીજળીનો શોક લાગે છે. આ માટે સલામતી જાળવવી જરૂરી છે. પતંગ કાપવાની સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે. પતંગ લૂંટવાનો આનંદ પણ અનોખો હોય છે. લોકો એકબીજાના ઘરે જમવા માટે જાય છે અને સાથે મળીને આનંદ માણે છે. મકરસંક્રાંતિના દિવસે તલની સાની તથા લાડવા ખાવાની પરંપરા છે.

પંજાબમાં આ દિવસને લોહરી તરીકે ઉજવવામાં આવે છે. લોહરી પર લોકો મોટી આગ પ્રગટાવે છે અને તેની આસપાસ નૃત્ય કરે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે લોકો તલ અને ગોળની મીઠાઈઓ બનાવીને ખાય છે. મકરસંક્રાંતિનું માત્ર ધાર્મિક જ નહીં પરંતુ વૈજ્ઞાનિક મહત્વ પણ છે. આ દિવસથી દિવસ લાંબો થવા લાગે છે અને રાત ટૂંકી થાય છે. આ દિવસથી સૂર્ય ઉત્તર દિશા તરફ વળે છે. આ કારણે ખેતીવાડી માટે આ સમય અનુકૂળ માનવામાં આવે છે. મકરસંક્રાંતિ એ ભારતીય સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. આ તહેવાર પરિવાર અને મિત્રોને એકસાથે લાવે છે. આ દિવસે લોકો એકબીજાને ભેટ આપે છે અને ખાવા પીવાની વસ્તુઓનું વિનિમય કરે છે.

મકરસંક્રાંતિનું વૈજ્ઞાનિક મહત્વ: મકરસંક્રાંતિ એ માત્ર એક તહેવાર નથી, પરંતુ તે પાછળ વૈજ્ઞાનિક કારણો પણ રહેલા છે. આપણે આપણા પૂર્વજોનો આભાર માનવો જોઈએ કે તેમણે આ તહેવારને માત્ર ધાર્મિક નહીં પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ જોયો હતો. સંક્રાંતિ એટલે સૂર્યનો એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ કરવો. મકરસંક્રાંતિના દિવસે સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે. ઉત્તરાયણ એટલે આ દિવસથી સૂર્ય ઉત્તર દિશા તરફ વળે છે અને દિવસો લાંબા થવા લાગે છે.

પૃથ્વીનો ઝુકાવ ઋતુ પરિવર્તન માટે જવાબદાર છે. પૃથ્વી તેની ધરી પર ઝૂકેલી હોવાથી શિયાળો, ઉનાળો આવે છે. પૃથ્વીના જે ભાગ પર સૂર્યના કિરણો ત્રાંસા પડે છે ત્યાં શિયાળાનો પ્રારંભ થાય છે અને સીધા કિરણો પડે છે ત્યાં ઉનાળો આવે છે અને ગરમી પડે છે. પૃથ્વી તેની ધરી પર ૨૩.૫ ડિગ્રીના ખૂણે ઝુકેલી છે. આ ઝુકાવને કારણે જ ઋતુઓમાં ફેરફાર થાય છે. આ ઉપરાંત પૃથ્વીના પરિભ્રમણ દરમિયાન તેનો માર્ગ એક વર્ષ દરમિયાન આકાશમાં બદલાતો રહે છે. મકરસંક્રાંતિ પછી સૂર્ય ઉત્તર ગોળાર્ધ તરફ વધુ નજીક આવે છે. ઉત્તર ગોળાર્ધમાં દિવસો લાંબા થવા લાગે છે અને રાતો ટૂંકી થાય છે. તાપમાનમાં વધારો થાય છે. સૂર્યના કિરણો સીધા સંપર્કમાં આવવાને કારણે તાપમાનમાં વધારો થાય છે. અને ઉનાળાની શરૂઆત થાય છે. મકરસંક્રાંતિ ખેતી સાથે ગાઢ રીતે જોડાયેલી છે. આ સમયે નવા પાકની વાવણી કરવામાં આવે છે. સૂર્યપ્રકાશ અને વરસાદ પાકને ઉગાડવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ પૂરી પાડે છે. દુનિયાભરમાં વિવિધ સંસ્કૃતિઓમાં આ દિવસને વિવિધ રીતે ઉજવવામાં આવે છે.

દક્ષિણ અમેરિકામાં આ દિવસને ઉનાળાના આગમન તરીકે ઉજવવામાં આવે છે. મકરસંક્રાંતિ એ માત્ર એક તહેવાર નથી, પરંતુ તે પ્રકૃતિના ચક્ર અને ખેતી સાથે ગાઢ રીતે જોડાયેલો છે. આપણા પૂર્વજોએ આ તહેવારને ખૂબ જ સારી રીતે સમજીને તેને ઉજવવાની રીતો વિકસાવી હતી. આજે આપણે પણ આ તહેવારને ઉજવીને આપણી સંસ્કૃતિને જીવંત રાખી શકીએ છીએ. મકરસંક્રાંતિ અંગેની એક કરતાં વધુ કથાઓ પુરાણોમાં અને પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે. તેમાની એક કથા છે સૂર્ય અને છાયાની કથા. આ કથા અનુસાર, સૂર્યદેવની પત્ની છાયાને તેમના કાળા રંગને કારણે ઘરમાંથી કાઢી મૂકી હતી. છાયાએ ક્રોધિત થઈને સૂર્યને શ્રાપ આપ્યો હતો. આ શ્રાપથી મુક્ત થવા માટે સૂર્યદેવે તપ કર્યુ અને તેમની ભૂલ સ્વીકારી. આ દિવસે તે છાયાને અને તેમના પુત્ર શનિને મળવા આવ્યા હતા. આ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. ભીષ્મ પિતામહની કથા પણ જાણીતી છે. મહાભારતમાં ભીષ્મ પિતામહે મકરસંક્રાંતિના દિવસે જ પોતાનો દેહત્યાગ કર્યો હતો. તેમણે પોતાની ઈચ્છા મૃત્યુનું વરદાન લીધું હતું અને તેમણે નક્કી કર્યું તે પ્રમાણે તેઓએ સ્વર્ગવાસ કર્યો. આ સિવાય બીજી પણ એક કરતાં વધારે કથાઓ આપણે પૌરાણિક સાહિત્યમાં જોવા મળે છે જે પ્રસિદ્ધ અને ખૂબ જાણીતી છે.

**આ તહેવાર દર વર્ષે ૧૪ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. આ દિવસે સૂર્યદેવ ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે. આ જ કારણે આ તહેવારને મકરસંક્રાંતિ કહેવામાં આવે છે.**

## માર્કેટયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૫૮ |
| ઘઉં લોકવન | ૬૦૨ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૭ | ૬૭૮ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૦૯ |
| જુવાર લાલ | ૮૧૧ | ૧૧૨૧ |
| જુવાર પીળી | ૪૨૧ | ૫૦૦ |
| બાજરી | ૪૭૦ | ૫૧૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૭૩૧ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૩૮ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૩૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| મગ | ૧૩૫૦ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ચોળી | ૧૨૮૦ | ૨૮૮૫ |
| મઠ | ૧૦૩૦ | ૧૩૦૦ |
| કળથી | ૮૫૦ | ૯૫૦ |
| મગફળી જાડી | ૮૯૦ | ૧૧૪૫ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૨૫૦ |
| તલી | ૧૯૫૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૫ |
| અજમો | ૧૫૫૧ | ૧૭૦૦ |
| સુવા | ૧૩૯૯ | ૧૩૯૯ |
| સોયાબીન | ૭૯૫ | ૮૩૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૪૬૦૦ |
| લસણ | ૧૫૦૧ | ૩૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૫૫૦ |
| ધાણી | ૧૧૧૧ | ૧૫૮૦ |
| વરીયાળી | ૧૦૪૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૬૦ |
| રાય | ૧૦૫૦ | ૧૧૬૦ |
| મેથી | ૯૨૦ | ૧૨૦૦ |
| કલોંજી | ૩૫૨૬ | ૩૫૨૬ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૯૦ |
| ગુવારનું બી | ૯૭૬ | ૧૦૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૧૦ | ૯૧૦ |
| બટેટા | ૨૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૪૧૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૭૯૦ | ૧૦૫૦ |
| કોથમરી | ૧૧૦ | ૨૧૦ |
| મુળા | ૨૩૦ | ૪૧૦ |
| રીંગણા | ૯૦ | ૧૧૦ |
| કોબીજ | ૩૦ | ૫૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| ભીંડો | ૬૧૦ | ૯૩૦ |
| ગુવાર | ૧૨૧૦ | ૧૬૩૦ |
| ચોળાસીંગ | ૮૧૦ | ૧૦૫૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૦૦ |
| ટીંડોળા | ૫૪૦ | ૮૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૪૦ |
| કારેલા | ૪૧૦ | ૭૨૦ |
| સરગવો | ૫૧૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૧૨૧૦ | ૧૪૩૦ |
| પરવર | ૧૦૧૦ | ૧૪૪૦ |
| કાકડી | ૧૦૧૦ | ૧૨૩૦ |
| ગાજર | ૨૪૦ | ૪૧૦ |
| વટાણા | ૬૦૦ | ૭૫૦ |
| તુવેરસીંગ | ૪૧૦ | ૬૧૦ |
| ગલકા | ૫૧૦ | ૬૧૦ |
| બીટ | ૧૧૦ | ૩૧૦ |
| મેથી | ૧૦૦ | ૨૧૦ |
| વાલ | ૬૧૦ | ૮૧૦ |
| ડુંગળી લીલી | ૧૪૦ | ૩૧૦ |
| આદુ | ૫૪૦ | ૮૧૦ |
| ચણા લીલા | ૧૪૦ | ૪૨૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૭૧૦ |
| હળદર લીલી | ૮૧૦ | ૧૨૩૦ |
| લસણ લીલું | ૧૩૧૦ | ૧૮૩૦ |
| મકાઇ લીલી | ૨૧૦ | ૩૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૧૫ | ૧૧૧૧ |
| ગિરનારી શીંગ | ૧૧૧૯ | ૧૧૫૫ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૧૬૦ |
| શિંગ ફાડા | ૯૭૫ | ૧૨૦૫ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૪૬૨૫ | ૪૬૨૫ |
| તલ કાશ્મીરી | ૨૮૦૭ | ૨૮૬૫ |
| બાજરો | ૫૭૧ | ૬૨૫ |
| જુવાર | ૫૧૫ | ૯૫૧ |
| ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૫૨ |
| અડદ | ૮૪૦ | ૧૫૫૬ |
| ચણા | ૮૩૦ | ૧૩૯૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૭૬ |
| કપાસ | ૮૨૦ | ૧૫૦૭ |
| એરંડા | ૮૦૦ | ૧૧૯૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૪૪૫ |
| ધાણા | ૭૦૦ | ૧૪૩૨ |
| સોયાબીન | ૫૨૫ | ૮૩૭ |
| મરચા લાંબા | ૪૬૦ | ૩૨૫૦ |
| મેથી | ૭૧૫ | ૯૫૦ |
| કલોજી | ૯૨૦ | ૨૦૯૦ |
| અજમા | ૨૧૦૦ | ૨૪૬૦ |
| સફેદ ચણા | ૧૯૬૦૧ | ૧૬૦૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૧૦ | ૨૨૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૮૨૦ |
| ટામેટા | ૧૫૦ | ૨૪૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ગાજર | ૩૮૦ | ૫૨૦ |
| દૂધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૨૦ |
| મુળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૭૪૦ | ૮૪૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૮૦ | ૪૨૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૬૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૨૦ | ૫૨૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૨૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૮૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૩૫૦ |
| લસણ લીલુ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૨૦ | ૧૦૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| ગોગળી | ૬૫૧ | ૯૬૬ |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૮૬ |
| ઘઉં લોકવન | ૬૦૨ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૬૧૪ | ૭૦૬ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૧૪૧ |
| સિંગ ફાડીયા | ૮૨૬ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૬ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૯૯૧ | ૪૫૫૧ |
| વરીયાળી | ૧૨૬૧ | ૧૩૦૧ |
| ધાણા | ૯૫૧ | ૧૬૪૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૨૧ |
| અડદ | ૯૧૧ | ૧૬૭૧ |
| મઠ | ૧૧૭૧ | ૧૧૭૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૮૧૧ |
| રાયડો | ૧૦૪૧ | ૧૦૮૧ |
| રાય | ૧૨૪૧ | ૧૨૪૧ |
| મેથી | ૯૩૧ | ૯૯૮ |
| સુવાદાણા | ૧૦૯૧ | ૧૦૯૧ |
| કાંગ | ૧૧૮૧ | ૧૨૨૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૫૬ |
| ધાણી | ૧૦૦૧ | ૧૮૫૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૩૦૧ |
| બાજરો | ૪૫૧ | ૫૯૧ |
| જુવાર | ૩૮૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૮૧ | ૬૧૧ |
| મગ | ૯૯૧ | ૧૮૧૧ |
| વાલ | ૮૯૧ | ૧૬૭૧ |
| ચોળા / ચોળી | ૧૪૫૧ | ૨૩૮૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| અજમાં | ૧૭૧૧ | ૧૭૧૧ |
| ગોગળી | ૮૬૧ | ૯૩૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૪૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળીજીર૦ | ૧૦૭૦ | ૧૧૫૦ |
| મગફળી બીટી | ૯૭૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૫૨૨ | ૬૪૮ |
| જીરૂ | ૩૯૨૫ | ૪૦૭૫ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૭૪૯ | ૭૬૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૬૦૫ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૬૦૭ | ૬૩૫ |
| સોયાબીન | ૫૬૨ | ૭૮૦ |
| મગફળી | ૫૦૦ | ૯૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૫ |
| તલસફેદ | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ધાણા | ૧૦૧૦ | ૧૪૫૦ |
| શીંગદાણા | ૯૦૦ | ૧૧૫૦ |
| ચણાસફેદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૪૫ | ૧૪૮૧ |
| મગફળી | ૮૧૬ | ૧૦૨૦ |
| અડદ | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ધાણા | ૧૦૦૫ | ૧૧૦૦ |
| તલ | ૨૧૩૦ | ૨૧૩૦ |
| સોયાબીન | ૭૮૮ | ૭૮૮ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૯૬ |
| મગફળી | ૧૦૧૦ | ૧૧૪૧ |
| જુવાર પીળી | ૩૦૦ | ૩૦૧ |
| **જામનગર** | | |
| ઘઉં | ૫૫૦ | ૬૭૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ચોળી | ૭૦૦ | ૧૩૪૦ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૧૪૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૬ |
| તલ | ૧૫૦૦ | ૨૨૭૦ |
| લસણ | ૬૦૦ | ૩૫૨૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૩૮૦ |
| અજમો | ૨૨૦૦ | ૫૨૯૫ |
| ધાણા | ૮૦૦ | ૧૪૨૫ |
| ડુંગળસુકી | ૧૨૦ | ૪૫૫ |
| મરચાસુકા | ૭૫૦ | ૨૭૦૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૧૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૦૦ | ૧૧૨૩ |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૧૦૬૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૧૪૨ |
| જુવાર | ૪૨૪ | ૯૩૬ |
| મગદેશી | ૧૯૦૦ | ૨૦૨૫ |
| ઘઉં ટુકડા | ૫૪૮ | ૬૮૦ |
| અડદ | ૬૨૪ | ૧૨૦૦ |
| બાજરી | ૫૩૧ | ૬૩૬ |
| સોયાબીન | ૮૦૩ | ૮૦૩ |
| ચણા | ૮૦૨ | ૧૦૩૮ |
| તલ સફેદ | ૧૮૭૧ | ૨૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૬૨ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૪૩૧ |
| કપાસ શંકર | ૧૩૭૦ | ૧૪૩૪ |
| તલ પુરબીયા | ૨૬૮૨ | ૨૭૬૦ |
| નાળીયેર | ૪૭૫ | ૨૬૮૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૨૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૧ |
| શીંગફાડા | ૮૫૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૮૬ |
| મેથી | ૮૦૦ | ૯૦૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૭૫૦ | ૧૧૪૦ |
| તલ | ૨૧૬૧ | ૨૧૬૧ |
| તલ પીળા | ૨૫૪૦ | ૨૭૫૨ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૩૬ |
| બાજરો | ૫૯૦ | ૬૬૧ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૬૭૦ |
| જુવાર | ૫૦૦ | ૮૮૫ |
| મગ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૧ |
| ચણા | ૧૧૨૫ | ૧૧૭૦ |
| એરંડા | ૧૦૧૨ | ૧૧૯૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૮૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૪૫૧ |
| ઘઉ લોકવન | ૬૦૦ | ૬૬૭ |
| ઘઉં ટુકડા | ૬૨૦ | ૬૭૭ |
| બાજરો | ૫૦૦ | -- |
| જુવાર | ૪૭૫ | ૮૦૦ |
| મગ | ૧૨૦૦ | -- |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૮૨ |
| સોયાબીન | ૭૨૫ | ૭૭૩ |
| ધાણા | ૧૩૦૨ | --- |
| મેથી | ૧૦૦૦ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૦૦ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૯૦ | ૧૦૧૮ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૬૯ |
| બાજરી હાઈ. | ૪૫૦ | ૬૦૮ |
| ઘઉં | ૫૨૫ | ૬૫૫ |
| જુવાર | ૬૨૧ | ૮૩૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૬૭૫ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૩૦ |
| જા.તલ | ૨૩૦૦ | ૨૬૪૬ |
| કાળાતલ | ૩૦૦૦ | ૪૦૦૫ |
| સોયાબીન | ૭૮૫ | ૮૪૮ |
| કપાસ | ૧૩૪૦ | ૧૪૯૦ |

## શબ્દ સંજોગ-૧૯૩૨



**આડી ચાવી :**
(૧) ભારતની એક પવિત્ર નદી (૩)
(૩) પરિણામ (૩)
(૬) રવિવાર એટલે રજા અને રજા એટલે? (૨)
(૭) ઉપવાસમાં ખવાય (૩)
(૮) ....બેંક (૨)
(૯) સાધુ-બાવાઓનું નિવાસસ્થાન (૩)
(૧૦) આરોપી......થઈ ગયો (૩)
(૧૧) પૈસો, નાણું (૨)
(૧૨) એક પક્ષી (૩)
(૧૪) એક કેન્દ્રશાસિત પ્રદેશ (અવળો) (૨)
(૧૫) રૂ કાંતીને કાઢેલો તાર (૩)
(૧૭) તમામ, સમસ્ત (૩)
(૧૮) સૂર્ય, આદિત્ય (૩)
(૨૦) અલગ, ભિન્ન (૨)
(૨૧) હિંદી ફિલ્મની એક અભિનેત્રી (૨)
(૨૨) ડગુમગુ, ટગુમગુ (૪)
(૨૪) હારી ગયેલું (૩)
(૨૬) સ્થિર (૨)
(૨૭) વહેલી સવારે (૩)

**ઉભી ચાવી :**
(૧) મૃત્યુલોકનો દેવ (૪)
(૨) પૂજારી જેવો કબરનો રખેવાળ (૪)
(૩) ....કી દુનિયા કો છોડ કર'' (૪)
(૪) વાગે તો...નહીતર ...? (૨)
(૫) એક ચલણ (૩)
(૮) જૈનોનું મંદિર (૪)
(૧૨) કુટેવ, નિંદા (૨)
(૧૩) ખામી, ભૂલચૂક (૩)
(૧૪) પાઘડીનો... છેડે (૨)
(૧૬) એક તેજાનો (૨)
(૧૭) સાચુ હોય તેવુ (૩)
(૧૯) એક દેશ (૨)
(૨૦) માર્ગની બાજુનો રાહદારી માટેનો રસ્તો (૩)
(૨૧) ઠંડક આપે તેવુ (૩)
(૨૩) પહોંચ, ક્ષમતા (૨)
(૨૫) હિંમત (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૧ જવાબ

**આડી ચાવી:** (૧) કેરળ (૩) કાનૂગો (૬) સમ (૭) ભાન (૮) ધરતી (૯) રતવા (૧૧) મરણ (૧૩) વામન (૧૫) યખ (૧૬) સંત (૧૭) લવાદ (૨૦) જનમ (૨૨) મહા (૨૪) ત્વરા (૨૬) ડવામે(મેવાડ) (૨૮) આંખ (૨૯) મશરૂ (૩૦) હવન.
**ઉભી ચાવી:** (૧) કેસર (૨) રમતવાત (૩) કાનમ (૪) ગોધણ (૫) રતી (૧૦) વામ (૧૨) રસીદ (૧૪) નલ (૧૫) યજન (૧૬) સંગત (૧૮) વાસ્તુ (૧૯) રામ (૨૦) જરા (૨૧) મલખમ (૨૩) હાડ (૨૪) ત્વમેવ (૨૫) રાશ (૨૭) વાહ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભેસાણમાં લેઉવા પટેલ સમાજ અને પાટીદાર કર્મચારી મંડળના ઉપક્રમે સન્માન સમારોહ યોજાયો

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના તમામ ક્ષેત્રના પાટીદાર કર્મચારીઓ દ્વારા તાલુકા લેઉવા પટેલ સમાજ ભેસાણના ઉપક્રમે એક વિશેષ સારસ્વત સન્માન સમારોહ અને સ્નેહમિલનનું આયોજન ૧૨ જાન્યુઆરીએ કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત ચણાકા પ્લોટ પે સેન્ટર પ્રાથમિક શાળાની દીકરીઓ દ્વારા સ્તુતિથી થઈ હતી. આ સમારોહમાં જાણીતા ઉદ્યોગપતિ અરવિંદભાઈ કાપડિયાને ઉદ્યોગ રત્ન એવોર્ડ, સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર દિનેશભાઈ ઊંધાડને પાટીદાર રત્ન એવોર્ડ, ગૌ સેવા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર મનીષભાઈ સતાણીને ગૌ સેવા રત્ન, મહિલાઓને પ્રેરણા પૂરી પાડનાર મંજુલાબેન ગોંડલીયાને વિશિષ્ટ મહિલા સેવા સન્માન, કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર નિકુંજભાઈ આસોદરિયાને કિસાન રત્ન એવોર્ડ, ૨૮ વર્ષ પહેલા સમાજ નિર્માણ કરનાર સ્વ. મેઘજી બાપાને મરણોત્તર સમાજ સેવા નિર્માણ એવોર્ડ તથા નાથાભાઈ પાનસુરીયાને સમાજસેવા એવોર્ડ એનાયત કરવામાં આવેલ. ધોરણ ૧૦-૧૨માં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ અને તાલુકાના નિવૃત્ત કર્મચારીઓ અને નવનિયુક્ત કર્મચારીઓનું સન્માન કરાયું હતું. આ સિવાય દાતાઓનું પણ સન્માન કરાયું હતુ. કુલ ૨૭૫ જેટલી વ્યક્તિઓ અને પ્રતિભાઓના સન્માન કરવામાં આવ્યા હતા. સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અશોકભાઈ મોવલીયા આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે ભેસાણ-વિસાવદરના પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન વજુભાઈ મોવલીયા, તાલુકા પંચાયતના પ્રમુખ ગાંડુભાઈ કથીરિયા, આમ આદમી પાર્ટીના ડો. હિતેશભાઈ વઘાસિયા, હરેશભાઈ સાવલિયા, તાલુકા લેઉવા પટેલ સમાજના પ્રમુખ વિનુભાઈ ભુવા, વાઈસ ચેરમેન દિનેશભાઈ ભુવા, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન નીતિનભાઈ રાણપરીયા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે દિપકભાઈ ઢેબરીયાએ પંચ પરિવર્તન ઉપર ખૂબ જ ઉત્કૃષ્ટ વ્યાખ્યાન આપ્યું હતું, એવું પાટીદાર કર્મચારી મંડળના પ્રમુખ નિતેશ માથુકિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.





# ગોંડલના કોલીથડ હડમતાળા ગામ પાસે મરચા ભરેલ ટ્રકમાં લાગી આગ

ગોંડલ, તા.૧૩



ગોંડલ તાલુકાના કોલીથડ હડમતાળા ગામ પાસે મરચા ભરેલ ટ્રકમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. હડમતાળા ગામ પાસે આવેલ બસસ્ટેન્ડ પાસે આવેલ નદી પરથી પસાર થતી ૧૧ કે.વી. વીજલાઈનમાં મરચાની ભારી અડી જતા આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. મરચા ભરેલ ટ્રકના ડ્રાઈવરને આગની જાણ થતાં ચાલુ આગે ટ્રકને ભગાવી ૧૦ કિ.મી. દૂર ડૈયા ગામ પાસે પલટી મરાવી દીધી હતી. ટ્રકમાં ભરેલ લાખો રૂપિયાના મરચા બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# કોડીનારમાં માતા-પિતા વિહોણી ૨૧ દીકરીઓના વિનામૂલ્ય સમૂહલગ્ન યોજાશે

કોડીનાર, તા.૧૩




કોડીનારમાં હરીૐ સેવા ટ્રસ્ટ અને ધર્મરાજ ફાઉન્ડેશન દ્વારા કોળી સમાજની ૨૧ દીકરીઓના સમૂહલગ્નનું સુંદર આયોજન તારીખ ૧૯ જાન્યુઆરી પણાદર રોડ ડૉ.મોરી સાહેબનાં મેદાનમાં કરવામાં આવ્યું છે. દરેક બાપને પોતાની દીકરીના લગ્ન ઝાઝરમાન અને ખાસ રીતે કરવાના હોય છે પણ દરેક વર્ગ સક્ષમ હોતો નથી. સમાજના તમામ વર્ગ માટે પ્રેરણારૂપ બની ગરીબ અને માતા-પિતા વિહોણી દીકરીઓના સપનાના લગ્ન કરવાની એક નેમ સાથે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૦ થી વધુ જીવન જરૂરી વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવશે.

# લીલીયા મોટા સરકારી કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતીની ભવ્ય ઉજવણી

લીલીયા, તા.૧૩



લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના સામુદાયિક સેવા ધારા અને એન. એસ.એસ. વિભાગ દ્વારા ×સ્વામી વિવેકાનંદ અને યુવાનો× વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવનમાંથી પ્રેરણા મેળવી પોતાના જીવનનો સર્વાંગી વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ડૉ. મહેશ એસ. ગઢીયાએ સ્વામી વિવેકાનંદના વિચારોની સમજ આપી હતી, જ્યારે ડૉ. શબીર પરમારે આધ્યાત્મિક પાસાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વામી વિવેકાનંદના જીવન અને વિચારો વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. પ્રા. સુભાષ એન. ઓડેદરાએ સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગો વિશે માહિતી આપી હતી.

# સાવરકુંડલામાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે બાળકોને ચિકી વિતરણનો કાર્યક્રમ યોજાશે

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલામાં અનુયાયીઓ માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન-મુંબઈ (સાવરકુંડલાવાળાના સંપૂર્ણ સહયોગથી સ્થાનિક સેવા સંસ્થા ગુણવંત નિમાવત સ્મારક ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે તા. ૧૪/૧/૨૦૨૫ મંગળવાર સવારે ૧૦ કલાકથી શહેરના પછાત વિસ્તારોમાં બાળકોને ચિકી વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ છઠ્ઠા વર્ષનાં લાભાર્થી ખેતાણી પરિવાર ફાઉન્ડેશન છે. ટ્રસ્ટનાં મિત્રોને સવારે ૧૦ વાગે સેવા માટે ટ્રસ્ટની ઓફિસે ઉપસ્થિત રહેવા સૌ મિત્રો વતી વિનંતી કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા 'પર્વ ચતુર્દશી'ની ઉજવણી થશે

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલામાં વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, સાહિત્ય અને સેવાના ત્રિવેણી સંગમ સમાન 'પર્વ ચતુર્દશી'નું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. ૧૫-૧૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજાનાર આ બે દિવસીય કાર્યક્રમમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની સફળ દશ વર્ષની યાત્રાની ઉજવણી કરવામાં આવશે. પ્રથમ દિવસે, ૧૫ જાન્યુઆરી બુધવારે સાંજે ૬:૩૦ કલાકે જે.વી. મોદી હાઈસ્કૂલ ખાતે ×ત્રંબક ત્રણ બૈરીવાળો× નાટ્યનું મંચન થશે. બીજા દિવસે, ૧૬ જાન્યુઆરીએ સાંજે ૫:૦૦ વાગ્યે પૂજ્ય મોરારીબાપુની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્ય કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના સંયોજક પ્રણવભાઈ પંડ્યાના નેતૃત્વમાં આ ભવ્ય આયોજન થઈ રહ્યું છે. આરોગ્ય મંદિરની દશ વર્ષની સેવાયાત્રાને સો વર્ષના સંકલ્પમાં પરિવર્તિત કરવાનો આ અવસર છે. આયોજકોએ સમાજના તમામ વર્ગના લોકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક અનુરોધ કર્યો છે.

# રાજુલામાં સિક્યુર હબ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન, એકતા ઈલેવન વિજેતા

રાજુલા, તા.૧૩




રાજુલામાં સિક્યુર હબ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટે ખેલાડીઓ અને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં મહુવા, સાવરકુંડલા અને રાજુલા સહિત કુલ ૧૨ ટીમોએ પોતાની રમતનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. રોમાંચક ફાઈનલ મેચમાં મહુવાની એકતા ઈલેવન અને રાજુલાની ફ્રેન્ડ્સ ઈલેવન આમને-સામને આવી હતી. રોમાંચક રમત બાદ મહુવાની એકતા ઈલેવને વિજય મેળવ્યો હતો. વિજેતા ટીમને ટ્રોફી અને રોકડ પુરસ્કાર તેમજ રનર-અપ ટીમને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવી હતી.

# ટીબી માનવસેવા હોસ્પિટલને ધારાસભ્ય જનક તળાવીયા પરિવારે એમ્બ્યુલન્સ ભેટ આપી

ટીબી,તા.૧૩



ટીબીસ્થિત સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને અત્યાધુનિક એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ કાચરડી (ઢસા જંકશન) ના વતની પરેશભાઈ તળાવીયા અને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા તેમના સ્વ. પિતા પુનાદાદાની સ્મૃતિમાં અર્પણ કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સમાં ICU સુવિધા પણ ઉપલબ્ધ છે, જેથી ઈમરજન્સીમાં દર્દીઓને ઉચ્ચ હોસ્પિટલમાં ખસેડવામાં સરળતા રહેશે. આ એમ્બ્યુલન્સ ઢસા વિસ્તારના દર્દીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. આ અર્પણવિધિ સંત અમરગીરી બાપુ (ગરાળ આશ્રમ-ઉના) દ્વારા હોસ્પિટલનાં મેડિકલ સુપ્રી. ડો. નટુભાઈ રાજપરા અને ટ્રસ્ટીઓ અશોકભાઈ ગીડા, બી.એલ. રાજપરા, રસીકભાઈ ભીંગરાડિયા અને ઢસા વિસ્તારના અગ્રણી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં થઈ હતી.


## અમરેલીનાં મહે. બીજા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : અમરેલી,

રૂમ નંબર-૨૧૩ ફોજદારી કેસ નંબર - ૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૮૨ અન્વયે આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ**

(૧) મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવી છે કે, **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓએ ધી નેગોશિએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે.
(૨) મજકુર આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય અને તેમના પર કાઢવામાં આવેલ પકડ વોરંટ પર એવો શેરો થઈને આવેલ છે કે, તેઓ તેમના સરનામે રહેતા નથી આમ, પકડ વોરંટ પરના શેરા વંચાણે લેતા આ કામના આરોપી **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** મળી આવતા નથી. તેમજ મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, મજકુર આરોપી ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે.
(૩) આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે મજકુર આરોપી **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓ ફરાર થઈ ગયા છે અથવા પકડ વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે. આથી, **મજકુર આરોપી જય બજરંગ ટ્રેડીંગ કાું.** ના માલીક **હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા નાઓએ હાલીની ફરિયાદનો જવાબ આપવા** તારીખ ૨૮/૦૧/૨૦૨૫ **ના રોજ અત્રેની બીજા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ, અમરેલી સમક્ષ હાજર** થવુ.
**આજ રોજ તારીખ : ૧૦ મી, માહે જાન્યુઆરી સને : ૨૦૨૫ ના** રોજ મારી સહી કરી આપ્યું.

મુકામ : અમરેલી.
તા.૧૦/૦૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.બી.ગઢવી)
બીજા અધિક જયુડી.મેજી.ફ.ક.,
અમરેલી.
GJ01754


# અમરેલીમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત વાહનચાલકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી

અમરેલી, તા.૧૩




રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરુપે અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ તેમજ અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે ડ્રાઈવરોના આરોગ્યની તકેદારીના ભાગરુપે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો હતો. અમરેલીના લાઠી બાયપાસ રોડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં, નિષ્ણાંતો દ્વારા ડ્રાઈવર્સની આંખ, શુગર, બ્લડ પ્રેશર સહિતની વિવિધ બાબતોને આવરી લેતી આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

# રાજુલામાં અંબાજી મંદિરે માતાજીના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરાઈ



રાજુલા, તા.૧૩

રાજુલામાં ગર્લ્સ હાઈસ્કૂલ નજીક આવેલા અંબાજી માતાજીના મંદિરે માતાજીનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. મંદિરના પૂજારી કનુબાપુ ગોંડલીયાએ ધર્મપ્રેમી જનતાને દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા આમંત્રણ પાઠવતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.


**સંકુલ KG થી PG**
**સ્કૂલ - કોલેજ - હોસ્ટેલ**
**ઓછી ફી - સારૂ શિક્ષણ**
**ઉચ્ચ પરિણામ**
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૨૨૩૨૧ થી ૨૬ -Ad 094


# સા.કુંડલાના વિરડી ગામે બાવળની કાંટમાં સંતાડેલા દારૂની બોટલો મળી

સાવરકુંડલા, તા.૧૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. સાવરકુંડલાના વિરડી ગામે મેહુલભાઈ હનુભાઈ વાઘેલાના રહેણાંક મકાન પાછળ બાળવની કાંટમાં લાલ કલરની થેલીમાં રાખેલી ૮ બોટલ મળી આવી હતી. જ્યારે લુણીધાર ગામેથી મધ્ય પ્રદેશના કાલુ વેસ્તો વસુનીયા (ઉ.વ.૨૬) પાસેથી દારૂની બે બોટલ મળી હતી


**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫

**બાકીદારો માટે માંગણાની નોટિસ**

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| શ્રી રાજુભાઈ શાંતિલાલ હિંગુ શ્રીમતી દક્ષાબેન રાજુભાઈ હિંગુ ૨૦૦૦૨૧૬૦૦૦૦૩૮૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ સિટી સર્વે નંબર ૨૫૪૩, ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, ૩૨.૭૦ ચોરસ મીટરનો બિલ્ટ અપ વિસ્તાર, સાગર કોમ્પ્લેક્સ, રામજી મંદિર પાસે, મુ અને તા. રાજુલા, જિ. અમરેલી-૩૬૫૫૬૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ દાદર, પૂર્વઃ લોબી, પશ્ચિમઃ સમાન ફ્લેટની દિવાલ અને નીચે પાર્કિંગ રોડ, દક્ષિણઃ ફ્લેટ નં.૧૦૩ | ૧૯.૧૨.૨૦૨૪/ 03.0૯.૨૦૨૪ | રૂ.૧,૧૨,૯૫૧.૩૨/- | ૦૨.૦૧.૨૦૨૫ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થળઃ અમરેલી
તારીખઃ ૧૪/૦૧/૨૦૨૫

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ



## -:: રૂબરૂ સુનાવણી નોટીસ ::-
## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

નં.મરણ નોંધણી/અરજી નં.૮૮/૨૦૨૪

**અરજદારશ્રી :-** કોલડીયા મનસુખભાઈ મગનભાઈ,
રે. હીપાવડલી તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** તકમશ્રી હીપાવડલી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા કોલડીયા મગનભાઈ નાગજીભાઈનું મરણ તા.૧૯/૦૮/૧૯૭૬ ના રોજ મુ.હીપાવડલી તા.સાવરકુંડલા, જિ.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતર ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**



## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૦૧/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

**અરજદારશ્રીઃ** ૧. નબુબેન ધનજીભાઈ વઘાસિયા
રહે. ફિફાદ, તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ફિફાદ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જયંતીભાઈ ધનજીભાઈ વઘાસીયાનો જન્મ તા.૦૨/૦૮/૧૯૭૧ ના રોજ મુ. ફિફાદ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચઢાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# પ્રયાગરાજમાં મોટી સંખ્યામાં ભક્તો આવતા જોઈને હું ખુશ છું : વડાપ્રધાન

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૩

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સોમવારથી મહાકુંભનું આયોજન શરૂ થઈ ગયું છે. આખું પ્રયાગરાજ ભક્તોની ભીડથી ભરેલું છે અને સવારથી લાખો લોકો ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી રહ્યા હતાં. તમને જણાવી દઈએ કે પ્રયાગરાજ મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ ભક્તો ભાગ લે તેવી અપેક્ષા છે. હવે આ મોટા પ્રસંગે, ભારતના વડાપ્રધાન



નરેન્દ્ર મોદીએ પણ એક ખાસ સંદેશ આપ્યો છે. પીએમ મોદીએ મહાકુંભની શરૂઆતને ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિને વળગી રહેનારાઓ માટે ખૂબ જ ખાસ દિવસ ગણાવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે સવારે ટ્વીટ કરીને કહ્યું - "પોષ પૂર્ણિમાના પવિત્ર સ્નાન સાથે, આજથી પ્રયાગરાજની પવિત્ર ભૂમિ પર મહાકુંભ શરૂ થઈ ગયો છે. આપણી શ્રદ્ધા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આ દિવ્ય પ્રસંગે, હું તમામ ભક્તોને શુભેચ્છા પાઠવું છું. મારા હૃદયથી તમને સલામ અને અભિનંદન. હું ઈચ્છું છું કે ભારતીય આધ્યાત્મિક પરંપરાનો આ મહાન ઉત્સવ તમારા બધાના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહ લાવે."

# નાસિક-મુંબઈ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : ૮ના મોત, ૮ ઘાયલ

નાસિક,તા.૧૩

મહારાષ્ટ્રના નાસિકમાં રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે એક પીકઅપ વાહન લોખંડના સળિયાથી ભરેલા આઈશર વાહન સાથે અથડાયું હતું. આ ઘટનામાં પીકઅપમાં મુસાફરી કરી રહેલા ૮ લોકોના મોત થયા હતા જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે. જેમાંથી કેટલાકની હાલત નાજુક છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.




પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત નાસિક-મુંબઈ-આગ્રા નેશનલ હાઈવે પર થયો હતો. પીકઅપમાં ૧૬ લોકો સવાર હતા. આ તમામ નિફાડમાં આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપીને સિડકો પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે જ્યારે વાહન અયપ્પા મંદિર પાસે પહોંચ્યું ત્યારે પીકઅપ ચાલકે કાબૂ ગુમાવી દીધો. આ પછી પાછળથી લોખંડના સળિયાથી ભરેલા આઈશરમાં ઘૂસી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકો અને પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. કેટલાકની હાલત નાજુક છે. આવી સ્થિતિમાં મૃત્યુઆંક વધી શકે છે.

# ઉત્તર ભારતમાં ભારે ઠંડી, દેશના અનેક રાજયોમાં વરસાદની આગાહી

લખનૌ,તા.૧૩

દેશના ઉત્તર અને મધ્ય ભારતીય રાજ્યોમાં તાપમાનનો પારો સતત ગગડી રહ્યો છે. આ સાથે ગાઢ ધુમ્મસની અસર પણ જોવા મળી રહી છે. યુપીના ૬૪ જિલ્લામાં ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટર થઈ ગઈ છે. જેના કારણે ૬૭ ટ્રેનો ૧૦ કલાક મોડી પહોંચી હતી. મહોબામાં ઠંડીના કારણે એક યુવકનું મોત થયું હતું. હિમાચલમાં હિમવર્ષાને કારણે ઘણા શહેરોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૪૮ કલાકમાં સિમલામાં મહત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી ઘટીને ૫.૬ ડિગ્રી થયું છે. સતત ઘટી રહેલા તાપમાન અને કોલ્ડવેવને જોતા બિહારના પટના સહિત ૪ જિલ્લા અને રાજસ્થાનના જયપુર સહિત ૧૯ જિલ્લામાં ધોરણ ૮ સુધીના વર્ગોને રજા જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ સહિત ૧૫ રાજ્યોમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે.

# ગાંદરબલમાં સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન કરતા નરેન્દ્ર મોદી

જમ્મુ,તા.૧૩

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે જમ્મુ અને કાશ્મીર પહોંચ્યા હતા. અહીં પીએમ મોદીએ સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ટનલ ખુલ્યા પછી, સામાન્ય લોકો તેમજ દેશના સશસ્ત્ર દળોને મોટો ફાયદો થવાની અપેક્ષા છે. ઝેડ-મોર ટનલ શ્રીનગર-લેહ હાઈવે પર બનાવવામાં આવી છે. આ ટનલ ડબલ લેન છે અને તેની લંબાઈ ૬.૪




કિલોમીટર સુધીની છે. આ ડબલ લેન ટનલ શ્રીનગરને સોનમર્ગ સાથે જોડશે. શિયાળાની ઋતુમાં બરફવર્ષાને કારણે આ વિસ્તારનો હાઈવે ૬ મહિના સુધી બંધ રહે છે. જોકે, હવે ઝેડ-મોર ટનલના ઉદ્ઘાટન પછી, લોકોને ટનલ દ્વારા ઓલ-વેધર કનેક્ટિવિટી મળશે. આ પ્રોજેક્ટ સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે અને વિસ્તારમાં બેરોજગારી દૂર કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે. વાસ્તવમાં, શિયાળામાં સોનમર્ગનો નજારો ખૂબ જ સુંદર હોય છે, પરંતુ રસ્તો બંધ હોવાને કારણે પ્રવાસીઓને અહીં આવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# પ્રયાગરાજ કુંભમેળામાં બે દિવસમાં ૧૧ શ્રધ્ધાળુઓને આવ્યો હાર્ટ એટેક

પ્રયાગરાજ,તા.૧૩

પ્રયાગરાજમાં શરૂ થયેલા મહાકુંભ મેળામાં છેલ્લા બે દિવસમાં ૧૧ શ્રદ્ધાળુઓને હાર્ટ એટેક આવ્યા હતા. જેમાં છ દર્દીઓને મેળામાં પરેડ મેદાન પર ઉપસ્થિત કેન્દ્રીય હોસ્પિટલમાં અને પાંચ દર્દીઓને સેક્ટર-૨૦ની સબ સેન્ટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કુલ ૧૧માંથી નવ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે. જ્યારે બે દર્દીઓની સ્થિતિ ગંભીર બનતાં તેમને એસઆરએન હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રવિવારે મેળામાં શરૂ કરેલ કેન્દ્રીય હોસ્પિટલનો ૧૦ બેડનો આઈસીયુ વોર્ડ હાર્ટ એટેકના દર્દીઓથી ભરાઈ ગયો હતો. ડોક્ટર્સે હાર્ટ એટેક આવવા પાછળનું કારણ વરસાદ અને ઠંડી હોવાનું જણાવ્યું છે. તેમણે મહાકુંભમાં પવિત્ર સ્નાન કરતાં શ્રદ્ધાળુઓને સાવચેતીઓ રાખવા સલાહ આપી છે.

# જમ્મુ-કાશ્મીરમાં માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી ૬૦ટકા પાકિસ્તાની નાગરિક : સેના ચીફ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૩

લદ્દાખમાં સરહદ વિવાદ (ભારત-ચીન તણાવ) ને કારણે, ભારત અને ચીન વચ્ચેના સંબંધો લાંબા સમયથી તણાવપૂર્ણ રહ્યા છે. પરંતુ તાજેતરમાં બંને દેશોએ આ મુદ્દાને ઉકેલવા માટે પહેલ કરી છે. ચીન સાથેના સરહદ વિવાદ અને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ કે મણિપુર હિંસા પર આજે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ



વાત કરી હતી. ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે મારું મિશન ભારતીય સેનાને રાષ્ટ્રીય સુરક્ષાના મજબૂત સ્તંભ તરીકે આત્મનિર્ભર ભવિષ્ય માટે તૈયાર દળ તરીકે તૈયાર કરવાનું છે. ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી ૬૦ ટકા પાકિસ્તાની નાગરિક હતા. આર્મી ચીફે કહ્યું કે ભારતીય સેના દરેક પડકારનો સામનો કરવા તૈયાર છે. એલએસી પર પરિસ્થિતિ સ્થિર અને સંવેદનશીલ છે. અનેક સ્તરે બેઠકો યોજાઈ છે. બંને પક્ષો પાછા આવી ગયા છે અને બંને સંતુષ્ટ છે. જોકે, કેટલાક વિવાદિત વિસ્તારોમાં કોઈ બફર ઝોન નથી. પૂર્વી લદ્દાખના ડેપસાંગ અને ડેમચોકમાં પરંપરાગત વિસ્તારોમાં પેટ્રોલિંગ અને પશુઓનું ચરાવવાનું શરૂ થઈ ગયું છે. બંને પક્ષોએ એપ્રિલ ૨૦૨૦ પછી માળખાં બનાવ્યા છે.

# મધ્યપ્રદેશના ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધની વિચારણા : મુખ્યમંત્રી મોહન યાદવ

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૧૩

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ એક પછી એક પોતાના કઠિન નિર્ણયોને કારણે સમાચારમાં રહે છે. હવે મોહન યાદવ સરકાર મધ્યપ્રદેશના ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે. તમને જણાવી દઈએ કે ઘણા સમયથી રાજ્યના ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી



હતી. હવે, સંતો અને ઋષિઓના સૂચન પછી, મધ્યપ્રદેશ સરકાર ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પણ આ મામલે નિવેદન આપ્યું છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે રાજ્યના ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાના મુદ્દા પર નિવેદન આપ્યું છે. સીએમ મોહન યાદવે કહ્યું છે કે અમારી સરકાર ધાર્મિક શહેરોમાં નીતિમાં સુધારો કરવા અને ધાર્મિક શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવા તરફ આગળ વધવાનું વિચારી રહી છે. સીએમ મોહન યાદવે કહ્યું કે ઘણા સંતો અને લોકોએ સૂચનો આપ્યા છે અને અમારી સરકાર તેના પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કહ્યું છે કે આપણે કોઈપણ કિંમતે ધાર્મિક નગરોની હદમાં દારૂ પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને દારૂની દુકાનો બંધ કરવી જોઈએ.

# ચેક રિપબ્લિકના રેસ્ટોરન્ટમાં ભીષણ આગ : ૬ લોકોના મોત નિપજયાં

પ્રાગ,તા.૧૩

ચેક રિપબ્લિકના ઉત્તર ભાગમાં એક રેસ્ટોરન્ટમાં ભીષણ આગ લાગી હોવાના અહેવાલ છે. આગ એટલી ભયાનક હતી કે આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. જ્યારે છ અન્ય લોકોને ગંભીર ઈજાઓ થઈ છે. આ બધા ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ મીડિયા સાથે આ ઘટનાની માહિતી શેર કરી હતી. ચેક રિપબ્લિકના અગ્નિશામકોએ જણાવ્યું હતું કે આ અકસ્માત શનિવારે પ્રાગથી લગભગ ૧૦૦ કિલોમીટર (૬૩ માઈલ) ઉત્તરમાં આવેલા મોસ્ટ શહેરમાં થયો હતો. 'યુ કોજોટા' રેસ્ટોરન્ટ ખુલ્લી હતી ત્યારે મધ્યરાત્રિ પહેલા અચાનક આગ લાગી હતી. પોલીસ અને અગ્નિશામકોએ જણાવ્યું હતું કે આગ ગેસ હીટર પલટી જવાથી લાગી હોવાની શક્યતા છે. બપોરે ૧ વાગ્યા સુધીમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો અને ૬૦ થી વધુ ફાયર ફાઈટરોએ તેને બુઝાવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ આગમાં રાહત અને બચાવ ટીમો દ્વારા ઓછામાં ઓછા ૩૦ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

# અકસ્માતમાં ઘાયલોને હોસ્પિટલ પહોંચાડનારને રૂા.૨૫૦૦૦ અપાશે : નિતીન ગડકરી

ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્ર સરકારે માર્ગ અકસ્માતમાં ઘાયલોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ પહોંચાડનારા સેવાભાવીઓને બિરાદાવતી ઈનામની રકમ વધારીને રૂ. ૨૫૦૦૦ કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પૂણેમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આ અંગે જાહેરાત કરી હતી. નીતિન ગડકરીએ જણાવ્યું કે, 'માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલ કે ટ્રોમા સેન્ટર પહોંચાડવા માટે મદદ કરનારાને સરકાર રૂ. ૫૦૦૦નું ઈનામ આપે છે. આ યોજના ઓક્ટોબર, ૨૦૨૧માં શરૂ કરવામાં આવી હતી. અકસ્માતનો એક કલાક ઈજાગ્રસ્તો માટે ગોલ્ડન અવર ગણાય છે. જેમાં પીડિતને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો તેની જીવિત રહેવાની સંભાવના વધી જાય છે. હવે અમે આ ઈનામની રકમ વધારી રૂ. ૨૫૦૦૦ કરવા જઈ રહ્યા છીએ.

# નેતન્યાહુએ મોસાદ ચીફને ગાઝા મોકલતા નવાજૂનીના એંધાણ

જેરુસલેમ,તા.૧૩

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૧૫ મહિના કરતા વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. પણ શાંતિ હજુ આવી નથી. ઈઝરાયલી સેના ગાઝામાં વિવિધ સ્થળોએ સતત બોમ્બમારો કરી રહી છે. હમાસના બંને મુખ્ય કમાન્ડરોની હત્યા બાદ પણ આતંકવાદીઓએ હજુ સુધી ઈઝરાયલી સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું નથી. આવી સ્થિતિમાં, હવે ઈઝરાયલ ગાઝામાં



કંઈક મોટું કરવા જઈ રહ્યું છે. ઈઝરાયલી સેના ગાઝાને મોટી આપત્તિ ટાળવા માટે છેલ્લી તક આપવા માંગે છે. આ સંદર્ભમાં, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હવે ગાઝામાં થઈ રહેલી યુદ્ધવિરામ વાટાઘાટોમાં પ્રગતિનો સંકેત આપ્યો છે. તેમણે આગામી રાઉન્ડની વાતચીત માટે તેમની ગુપ્તચર એજન્સી 'મોસાદ'ના ડિરેક્ટરને વાટાઘાટોના ટેબલ પર મોકલવાની પણ મંજૂરી આપી છે. જેથી હવે ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં શાંતિ લાવી શકાય.

# સેનાને મજબૂત કરવા ભારત ફ્રાંસ સાથે ૬૩ હજાર કરોડની ડીલ સાઈન કરશે

ન્યુ દિલ્હી,તા.૧૩

સશસ્ત્ર દળોની પ્રહાર ક્ષમતાને વધારવાની લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે, ૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષ પહેલા ફાઈટર એરક્રાફ્ટ, સબમરીન, હેલિકોપ્ટર અને આર્ટિલરી માટે ઓછામાં ઓછી ચાર મોટી ડિફેન્સ ડીલ સાઈન કરશે. જેની કુલ કિંમત ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ભારત ટૂંક સમયમાં ફ્રાન્સ સાથે



૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટ માટે લગભગ ૬૩,૦૦૦ કરોડ રૂપિયાની ડીલ સાઈન કરશે. જેને એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતના ડેક પર તૈનાત કરવામાં આવશે. આ સીલમાં ૨૨ સિંગલ-સીટ મેરીટાઈમ જેટ અને નેવીના ચાર ટ્વીન-સીટ ટ્રેનર્સ તેમજ પાંચ વર્ષ માટે હથિયારો, સિમ્યુલેટર, ટ્રેનિંગ અને લોજિસ્ટિક્સ સપોર્ટ તેમજ ૩૬ રાફેલના સ્પેરપાર્ટ્સનો સમાવેશ થાય છે. આ ડીલ અંગે કેબિનેટ સમિતિની અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે. પીએમ મોદી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટ માટે ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ ફ્રાન્સ જવાના છે. આ દરમિયાન તેઓ ફ્રાન્સ સાથે ૩૮,૦૦૦ કરોડ રૂપિયાના અન્ય કરાર પર હસ્તાક્ષર કરશે.

# વિરાટ કોહલીના કારણે યુવરાજ સિંહની કારકિર્દીનો અંત આવ્યો : રોબિન ઉથપ્પા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૩

વિરાટ કોહલીની ગણતરી ભારતના સૌથી સફળ કેપ્ટનોમાં થાય છે. તેમની કેપ્ટનશીપ હેઠળ, ભારતીય ટીમ કોઈ પણ આઈસીસી ટ્રોફી જીતી શકી ન હતી, પરંતુ ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો દબદબો જોવા મળ્યો હતો. આ પછી, ૨૦૨૨ ની શરૂઆતમાં, તેમણે ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ સંપૂર્ણપણે છોડી દીધી. પરંતુ વર્ષો પછી, ૨૦૦૭ ના ટી ૨૦ વર્લ્ડ કપ વિજેતા ખેલાડી



રોબિન ઉથપ્પાએ વિરાટ કોહલી વિશે એક મોટો ખુલાસો કર્યો છે. રોબિન ઉથપ્પાના મતે, વિરાટને કોઈ ખેલાડી પસંદ નહોતો, જેના કારણે તેને ૨૦૧૯ના વનડે વર્લ્ડ કપમાં પસંદ કરવામાં આવ્યો ન હતો. રોબિન ઉથપ્પાનું એક નિવેદન તાજેતરમાં વાયરલ થયું હતું. તેમણે કહ્યું હતું કે વિરાટ કોહલીના કારણે યુવરાજ સિંહની કારકિર્દીનો અંત આવ્યો. હવે તેણે વિરાટ અને ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડી અંબાતી રાયડુ વચ્ચેના સંબંધો પર ચોંકાવનારું નિવેદન આપ્યું છે. રોબિન ઉથપ્પાએ કહ્યું છે કે વિરાટને રાયડુ પસંદ નહોતો, જેના કારણે તેને ૨૦૧૯ વર્લ્ડ કપ ટીમમાં પસંદ કરવામાં આવ્યો ન હતો. તમને જણાવી દઈએ કે, અંબાતી રાયડુ ૨૦૧૯ વર્લ્ડ કપમાં રમવા માટે એક મોટો દાવેદાર હતો.

### અમરેલી એલસીબીના ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા બાદ

# અમરેલી લેટરકાંડની તપાસ નિર્લિપ્ત રાયને સોંપાઈ

સુરત,તા.૧૩

અમરેલીના લેટરકાંડનો મામલો હવે સુરત સુધી પહોંચ્યો છે. રાજકીય અને સામાજિક આંદોલનના કેન્દ્રમાં રહેલા માનગઢ ચોકમાં પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દૂધાત સહિતના નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. તો બીજી તરફ રાજ્યભરમાં ચકચાર જગાવનારા આ લેટરકાંડની તપાસ હવે SMCના ડીઆઈજી નિર્લિપ્ત રાયને સોંપી દેવામાં આવી છે. એક તરફ અમરેલી લેટરકાંડ મામલે રાજનીતિ ગરમાઈ છે તો બીજી તરફ પોલીસ પણ હવે એકશનમાં જોવા મળી રહી છે. અમરેલી એસપી દ્વારા રવિવારે જ એલસીબીના ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દેવાયા હતા.કોંગ્રેસે ૧૩ જાન્યુઆરી માનગઢ ચોક ખાતે અમરેલીમાં ભોગ બનનારી યુવતીને ન્યાય અપાવવા માટે ધરણાંની જાહેરાત કરી હતી. સુરત પોલીસે ધરણાં માટે મંજૂરી આપી ન હતી, એને લઈને પરેશભાઈ ધાનાણીએ કહ્યું હતું કે અમે ગમે ત્યારે ધરણાં પર આવીને બેસી જઈશું, જેના પરિણામે ગઈકાલથી જ વરાછા પોલીસ સહિત અન્ય પોલીસ સ્ટેશનની પોલીસ માનગઢ ચોક ખાતે ગોઠવી દેવામાં આવી હતી. વહેલી સવારથી જ માનગઢ



ચોક ખાતે ખૂબ મોટા પ્રમાણમાં પોલીસ ખડકી દેવામાં આવી હતી. ૧૦ વાગ્યે પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દૂધાત સહિતના કોંગ્રેસના નેતાઓ માનગઢ ચોક ખાતે આવીને સરદાર પ્રતિમાને ફુલહાર કરીને ધરણાં કરવાના શરૂ કરે એ પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. અમરેલી ખાતે ધાનાણીએ લેટરકાંડમાં ભોગ બનનાર યુવતીને ન્યાય અપાવવા માટે ધરણાનો કાર્યક્રમ કર્યો હતો. પરંતુ તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. ત્યારબાદ તેમણે દીકરીને ન્યાય આપવા માટે સુરત શહેરના માનગઢ ચોકની પસંદગી કરી છે. સરકાર સુધી અવાજ પહોંચાડવા માટે તેમણે માનગઢ ચોક ખાતે સરદાર પ્રતિમાના શરણે આવી પોતાનો અવાજ દીકરીના સમર્થનમાં ઉઠાવ્યો છે. કોંગ્રેસ નેતા અને પાટીદાર અગ્રણી પરેશભાઈ ધાનાણી સુરતના માનગઢ ચોકનું મહત્વ ખૂબ સારી રીતે સમજે છે.

#### પાટીદાર દીકરીની ડીજીપીને ફરિયાદ

અમરેલી લેટરકાંડ મામલે પાટીદાર દીકરી પાયલ ગોટીએ ડીજીપીને ફરિયાદ કરી છે. ફરિયાદમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, કુસમબેન પરમાર, હીનાબેન મેવાડા, કિશન આસોદરીયા, વરજાંગ મુલસીયા નામના પોલીસ કર્મચારીઓ રાત્રે મને લેવા આવ્યા હતા. આ પોલીસ કર્મચારીઓ એલસીબી ઓફિસે રાત્રીના સમયે લઈ ગયા હતા. જયાં પટેલ સાહેબ નામના અધિકારીએ મને પ્રશ્નો પૂછયા હતા તેમજ બીજા દીવસે જિલ્લા પોલીસ વડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી અમને રીઢા ગુનેગારની જેમ પાછળ ઉભા રાખ્યા હતા અને ત્યારબાદ અમારું જાહેર માર્ગો પર રીકન્ટ્રકશનના નામે સરઘસ કાઢવામાં આવ્યું હતું.

### ઘૂસણખોરને દયાપર પોલીસને સોંપવામાં આવશે

## કચ્છની દરિયાઈ સરહદે પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડતું બીએસએફ

ભુજ,તા.૧૩

કચ્છની દરિયાઈ સરહદે સીમા સુરક્ષા દળે (BSF) એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો. BSFની ૫૯ બટાલિયનના જવાનોએ બોર્ડર પીલર નંબર ૧૧૩૯ પાસેના ક્રીક વિસ્તારમાંથી આ શખ્સને પકડ્યો હતો. પકડાયેલા શખ્સની ઓળખ બાબુઅલી ઉમર (૨૨) તરીકે થઈ છે, જે પાકિસ્તાનના કાળા ગુગડા ગામનો રહેવાસી છે. તેની



પાસેથી ત્રણ કિલો કરચલા, એક ચાકુ, તરણ માટેની ટ્યુબ અને ટોર્ચ જેવી વસ્તુઓ મળી આવી છે. જો કે, કોઈ શંકાસ્પદ વસ્તુ કે હથિયાર મળ્યા નથી. ભૂતકાળમાં માછીમારીની આડમાં દરિયાઈ સીમા પરથી ડ્રગ્સ સહિતની પ્રતિબંધિત વસ્તુઓની હેરાફેરીના કિસ્સાઓ સામે આવ્યા છે. આ કારણે ભારતીય સુરક્ષા એજન્સીઓ સરહદ પર સતત સતર્ક રહે છે અને BSFએ પણ ચોકી પહેરો વધુ સઘન બનાવ્યો છે. પકડાયેલા ઘૂસણખોરને આગળની કાર્યવાહી માટે દયાપર પોલીસ મથકને સોંપવામાં આવશે.

### હત્યા કર્યા બાદ આરોપી ફરાર

## પાડોશીની પત્નીની ટીપ્પણી અંગે ઠપકો આપતા કેશોદના ચર ગામના ખેડૂતની હત્યા

કેશોદ,તા.૧૩

કેશોદ તાલુકાના ચર ગામના ખેડૂત ખીમાભાઈના ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી લીલાભાઈ ડાભી નામનો શખ્સ ભાગ રાખીને વાવણી કરતો હતો. જે અવારનવાર ખીમાભાઈના પાડોશીની પત્નીના ચારિત્ર્ય વિષે ખરાબ વાતો કરતો હતો. જેથી પાડોશીએ આ બાબતે ખીમાભાઈને જાણ કરી હતી કે, તમારો ભાગીયો મારી પત્ની વિષે જે ટીપ્પણીઓ કરે છે એ યોગ્ય નથી. પાડોશીએ વાત કરતાં ખીમાભાઈએ લીલા ડાભીને બોલાવીને આવું ન કરવા ઠપકો આપ્યો હતો. જેથી લીલા ડાભીને મનમાં લાગી આવ્યું હતું અને એણે મનમાં ખીમાભાઈને પતાવી દેવાનું નક્કી કરી લીધું હતું. આ દરમિયાન ગતરોજ ખીમાભાઈનો



પરિવાર જૂનાગઢ હોસ્પિટલ ખાતે સંબંધીની ખબર કાઢવા ગયો હતો, ત્યારે ઘરમાં ખીમાભાઈ અને એમની પુત્રવધૂ જ હાજર હતા. આ દરમિયાન લીલા ડાભી ઘરે આવ્યો હતો, જેણે ખીમાભાઈની પુત્રવધૂ ઘરમાં હતી ત્યારે બહારથી દરવાજો બંધ કરી દીધો હતો અને તિક્ષ્ણ હથિયારો વડે ખીમાભાઈની હત્યા કરીને ફરાર થઇ ગયો હતો.

## આજે પવનની ગતિ પ્રતિ કલાક ૧૦ કિ.મી.ની રહેશે, પતંગરસિકોમાં આનંદ



### ઠંડા પવનોને કારણે વાતાવરણમાં ઠંડીનો ચમકારો રહેશે

અમદાવાદ,તા.૧૩

પતંગોત્સવ પર્વના આગલા દિવસ તા.૧૩ના રોજ ઉત્તરીય ઠંડા પવનની ગતિ પ્રતિ કલાક ૫ કિ.મી. હતી. પરંતુ આજે ઉત્તરાયણના પતંગોત્સવ પર્વ પ્રસંગે ઉત્તરીય ઠંડા પવનની ગતિ ૧૦ કિ.મી. જેવી રહેવાની ધારણા હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હોવાની જાણ થતા પતંગરસિયાઓમાં ખુશી ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે ઉત્તરાયણના આગળના દિવસે તા.૧૩મીએ ઉત્તરીય પવનની ગતિ પ્રતિ કલાક પાંચ કિ.મી.ની રહી હતી. ઉત્તર દિશાનના ઠંડા પવન હોવાના કારણે વાતાવરણમાં ઠંડીનો ચમકારો જણાયો હતો. પરિણામે સવારે કામ ધંધે જનારા લોકોને ગરમ વસ્ત્રો પહેરીને નીકળવાની ફરજ પડી હતી. જ્યારે શ્રમજીવી પરિવારોના નોકરી-ધંધે જનારા લોકો સિવાયનાને તાપણાનો સહારો લેવો પડ્યો હતો. તા.૧૩મીએ પવનની ગતિ પ્રતિ કલાક ૫ કિ.મી.ની રહી હતી ત્યારે આજે પણ ઉત્તરીય પવન હોવાની ધારણા સહિત પવનની ગતિ પણ પ્રતિ કલાક ૧૦ કિ.મી. રહેવાની ધારણા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. જેથી આજે પતંગોત્સવના તહેવારે પતંગરસિયાઓ ભરપૂર આનંદ માણી શકશે તેવી શક્યતા નકારી શકાતી નથી. ઠંડા પવનોને કારણે વાતાવરણમાં ઠંડીનો ચમકારો રહેશે.

## ૫૩ ધારાશાસ્ત્રીઓની મૃત્યુસહાયની અરજી મંજૂર કરતું બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

રાજકોટ, તા.૧૩

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ, એકઝીક્યુટીવ કમિટીના ચેરમેન નલિન ડી. પટેલની વીડિયો કોન્ફરન્સીંગ હાજરી તથા કમિટીના સભ્યો અનિલ સી. કેલ્લા તથા કિશોરકુમાર આર. ત્રિવેદીની હાજરીમાં એડમીનીસ્ટ્રેટીવ કમિટીની મિટિંગમાં ૬૯ જેટલા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદાર દ્વારા કરવામાં આવેલ મૃત્યુસહાયની અરજીઓ વિચારણા માટે લેવામાં આવેલ. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિયમ અનુસાર વેલ્ફેર ફંડના સભ્ય બનનાર તેમજ નિયમિત રીન્યુઅલ ફી ભરનાર તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સર્ટિફિકેટ એન્ડ પ્લેસ ઓફ પ્રેક્ટિસ વેરિફિકેશન રૂલ્સ ૨૦૧૫નું ફોર્મ ભરનાર ૫૩ જેટલા



ધારાશાસ્ત્રીઓના વારસદારોની મૃત્યુસહાયની અરજીઓ મંજૂર કરવામાં આવેલ અને ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ એકટના નિયમ અનુસાર રૂપિયા એક કરોડ પચીસ લાખ જેટલી રકમ તેઓના વારસદારોને ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ. હાલમાં, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૩૦૦૦ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓના વારસદારોને અત્યારસુધી રૂપિયા પાંસઠ કરોડ જેટલી મૃત્યુસહાય છેલ્લા વર્ષોમાં ચુકવાયેલ છે.

## બેટ દ્વારકામાં ગેરકાયદે દબાણ દૂર કરવા મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને ધમકી

ગાંધીનગર, તા.૧૩

કૃષ્ણ ભૂમિ બેટ દ્વારકામાં ડિમોલેશનનું બુલડોઝર ફરી વળ્યું છે. સમગ્ર બેટ દ્વારકામાં સરકારી જમીનને ખુલ્લી પાડવામાં આવી છે. ૩૬,૯૦૦ ચોરસ મીટર જમીન, જેની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૧૯,૩૫,૭૨,૦૦૦ જેટલી ગણવામાં આવી રહી છે. જેમાં ૧૪૪ રહેણાક મકાનો અને એક અન્ય ધાર્મિક સ્થાનનું ડિમોલેશન કરવામાં આવ્યું છે. ત્યારે બેટ દ્વારકામાં ગેરકાયદે દબાણ દૂર કરવાના મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને ધમકી મળી છે. દ્વારકામાં સતત બીજા દિવસે પણ ડિમોલિશન યથાવત છે. બાલાપર વિસ્તારમાં કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે ડિમોલિશનને લઈને સરકાર વિરૂદ્ધ એક્સ પર વિવાદીત પોસ્ટ કરાઈ છે. ગૃહ રાજ્યમંત્રીને ટેગ કરીને પોસ્ટ કરવામાં આવી છે. ત્યારે આ વિવાદીત પોસ્ટને લઈ જિલ્લા પોલીસ વડાએ તપાસના આદેશ આપ્યા છે.






## પ્રયાગરાજ કુંભમેળામાં ગુજરાતમાંથી ૩ લાખ શ્રધ્ધાળુ પહોંચવાની શક્યતા

અમદાવાદ,તા.૧૩

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ શરૂ થયો છે. આ મહાકુંભ મેળો ૨૬મી ફેબ્રુઆરી સુધી ચાલશે. મહાકુંભમાં આ વખતે ગુજરાતમાંથી ત્રણ લાખ કરતાં વધુ શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચે તેવી શક્યતા છે. મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને જોતાં રાજ્યમાંથી ૨૦થી વધુ સ્પેશિયલ ટ્રેન તેમજ અમદાવાદથી પ્રયાગરાજની વિશેષ ફ્લાઈટની પણ જાહેરાત કરવામાં આવી છે. દર ૧૨ વર્ષે યોજાતા મહાકુંભમાં ભાગ લેવાનો લહાવો લેવા માટે ગુજરાતથી અનેક લોકોએ ખાનગી બસ, કાર સહિતના ખાનગી વાહનો દ્વારા પ્રયાગરાજ પહોંચવાનું આયોજન કર્યું છે. આ ઉપરાંત ટ્રેનોમાં વેઈટિંગ સતત વધી રહ્યું છે. અમદાવાદથી પ્રયાગરાજ માટે જે નિયમિત ટ્રેન ચાલે છે તેમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી ૧૦૦થી વધુનું વેઈટિંગ છે. આ સિવાય અમદાવાદ-બરાઉની એક્સપ્રેસમાં સ્લિપર ક્લાસમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી 'રિગ્રેટ'ની જાહેરાત કરી દેવાઈ છે એટલે કે આ ટ્રેનમાં તો ટિકિટ જ મળવાની બંધ થઈ ગઈ છે.











